**આજનો સુવિચાર**

જે માણસ પોતાનો સ્વભાવ પરિસ્થિતિને અનુકૂળ બનાવી શકે તે સૌથી વધુ સુખી છે!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૮૬ જૂનાગઢ તા.૧૬-૧૧-૨૦૨૪ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 286, Junagadh : Date : 16 November, 2024, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# યુપીમાં ઝાંસીની સરકારી હોસ્પીટલમાં ભીષણ આગ લાગી : ૧૦ નવજાત શીશુનાં કરૂણ મોત : ૧૬ ગંભીર

ઝાંસી, તા.૧૬: ગતરાત્રે ઉત્તર પ્રદેશના ઝાંસીમાં મહારાણી લક્ષ્મીબાઈ મેડિકલ કોલેજના નિયોનેટલ ઈન્ટેન્સીવ કેર યુનિટ (NICU) માં લાગેલી ભીષણ આગમાં ઓછામાં ઓછા ૧૦ નવજાત બાળકોના મોત થયા હતા. જ્યારે ૧૬ અન્ય લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. શોર્ટ સર્કિટના કારણે આ અકસ્માત થયો હોવાનું માનવામાં આવે છે. આગના કારણે હોસ્પીટલમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. પરિવારજનો અને દર્દીઓ જીવ બચાવવા દોડવા લાગ્યા હતા, પરિણામે નાસભાગ જેવી સ્થિતિ સર્જાઈ હતી. ફાયર બ્રિગેડની ટીમે ઘટના સ્થળે પહોંચીને ૩૯ બાળકોને સુરક્ષિત બહાર કાઢયા હતા. અકસ્માત સમયે એનઆઈસીયુમાં કુલ ૫૪ બાળકો દાખલ હતા. મૃતક બાળકોના પરિવારોને રૂપિયા પાંચ લાખ તથા ઘાયલના સ્વજનોને ૫૦,૦૦૦ની સહાયની જાહેરાત થઈ છે. ઝાંસીના જિલ્લાઅધિકારી અવિનાશ કુમારે જણાવ્યું કે, આગ લાગવાનું કારણ શોર્ટ સર્કિટ હોઈ શકે છે. આ સમગ્ર મામલાની તપાસના આદેશ આપવામાં આવ્યા છે.

આ ઘટના ગતરાત્રે ૧૦.૩૦ વાગ્યાની આસપાસ બની હતી. ઓક્સિજન કોન્સેન્ટ્રેટરમાં સ્પાર્કિંગને કારણે આગ ફાટી નીકળી, ત્યારબાદ વિસ્ફોટ થયો હતો. ત્યારબાદ આગ આખા વોર્ડમાં ફેલાઈ ગઈ હતી. માહિતી મળતાં જ ફાયર બ્રિગેડની ૬ ગાડીઓ આવી પહોંચી હતી અને આગ પર કાબુ મેળવ્યો હતો.



સરકારી મેડિકલ કોલેજમાં થયેલા અકસ્માત બાદ મુખ્યમંત્રી યોગીએ ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. તેમણે કમિશનર અને ડીઆઈજીને ૧૨ કલાકમાં રિપોર્ટ આપવા આદેશ કર્યો હતો.

સવારે પાંચ વાગ્યે ઝાંસી પહોંચેલા ડેપ્યુટી સીએમ અને સ્વાસ્થ્ય મંત્રી બ્રજેશ પાઠકે કહ્યું કે અકસ્માતની ત્રણ તપાસ કરવામાં આવશે. પ્રથમ- આરોગ્ય વિભાગ કરશે. બીજું- પોલીસ કરશે. ત્રીજું- મેજિસ્ટ્રેટ દ્વારા તપાસ હાથ ધરવામાં આવશે. જો કોઈ ક્ષતિ જણાશે તો જવાબદારો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

આ ઘટના પર ઉત્તર પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ અજય રાયે કહ્યું- આ ખૂબ જ દુઃખદ ઘટના છે. ઉત્તર પ્રદેશમાં આવી અનેક ઘટનાઓ બની રહી છે. યોગી આદિત્યનાથ દેશભરમાં ફરીને નફરતની રાજનીતિ કરી રહ્યા છે. આ દુર્ઘટના માટે યુપી સરકાર જવાબદાર છે

## આંતરરાષ્ટ્રીય સ્પેસ સેન્ટરમાં તીરાડો : સુનિતા વિલિયમ્સ પર ખતરો

નવી દિલ્હી, તા.૧૬

ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS)ને લઈને નાસા ટેન્શનમાં આવી ગયું છે. છેલ્લા પાંચ વર્ષથી ISSમાં થોડાં-થોડાં લીકેજ હતા. જો કે, હવે એવું જાણવા મળ્યું છે કે ISSમાં ઓછામાં ઓછા 50 જગ્યાએ લીકેજની સમસ્યા સર્જાઈ છે. આ સિવાય ISSમાં તિરાડો પણ દેખાઈ રહી છે. નાસાનો એક તપાસ રિપોર્ટ લીક થઈ ગયો હતો જેમાં ખુલાસો થયો કે ISS મોટા ખતરામાં છે. આ ઉપરાંત સુનિતા વિલિયમ્સ સહિત અહીં રહેતા અવકાશયાત્રીઓના જીવ પણ જોખમમાં મૂકાયા છે.રશિયાએ પૃથ્વીની આસપાસ ફરતી લેબમાં માઈક્રો વાઈબ્રેશનનો પણ દાવો કર્યો છે. નાસાનું કહેવું છે કે સ્પેસ સ્ટેશનમાંથી મોટી માત્રામાં હવા નીકળી રહી છે, જે ખતરાની ઘંટડી છે.

## દિલ્હીમાંથી ૯૦૦ કરોડનું કોકેઈન ઝડપાયું


નવી દિલ્હી, તા.૧૬: નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોએ દિલ્હીમાંથી ૮૦ કિલોથી વધુ કોકેન જપ્ત કર્યું હતું, જેની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત લગભગ ૯૦૦ કરોડ રૂપિયા છે. NCBએ પશ્ચિમ દિલ્હીના નાંગલોઈ અને જનકપુરી વિસ્તારમાંથી ૮૨ કિલોથી વધુ કોકેઈન જપ્ત કર્યું છે.

આ કન્સાઈનમેન્ટ એક કુરિયર ઓફિસમાંથી જપ્ત કરવામાં આવ્યું હતું, જે ઓસ્ટ્રેલિયા મોકલવાનું હતું. આ કેસમાં બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જેઓ દિલ્હી અને સોનીપતના રહેવાસી છે.

## મણિપુરમાં અવિરત હિંસા : અપહુત ૬ મહિલાઓ પૈકી ત્રણનાં મૃતદેહો મળ્યા

સિલચર, તા.૧૬: મણિપુરના જીરીબામમાંથી સોમવારથી ગુમ થયેલા (અપહત ૬ મહિલા)માંથી ત્રણના મૃતદેહ આસામ-મણિપુર બોર્ડર પર આવેલા જીરીમુખમાંથી મળી આવ્યા હતા. આ મહિલાઓનું થોડા દિવસો પહેલા જીરીબામના કેમ્પમાંથી અપહરણ કરવામાં આવ્યું હતું. મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે સિલચર મેડિકલ કોલેજ અને હોસ્પીટલમાં લઈ જવામાં આવ્યા છે. તેમના મૃતદેહો જીરી નદીમાં તરતા જોવા મળ્યા હતા. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, પોલીસને માહિતી મળી હતી કે જીરી નદીમાં લાશ તરતી જોવા મળી હતી. આ પછી આસામ રાઈફલ્સના જવાનોએ મૃતદેહોને બહાર કાઢયા. પરિવારના સભ્યોએ હજુ સુધી મૃતદેહોની ઓળખ કરી નથી, પરંતુ તેમના વર્ણન પરથી ત્રણ ગુમ થયેલ મહિલા સાથે મેળ ખાય છે.

## ગત મોડીરાત્રે ઉત્તર ગુજરાતમાં ૪.૩ની તિવ્રતાનો ભુકંપનો આંચકો : લોકો ઘરની બહાર દોડી આવ્યા




અમદાવાદ,તા.૧૬

ગુજરાતમાં બનાસકાંઠાનાં પાટણ નજીક ગતમોડી રાત્રે ૪.૩ ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાતા ફફડાટ સર્જાયો હતો. લોકો ઘરની બહાર દોડી ગયા હતા. ધરતીની ધ્રુજારી સુરેન્દ્રનગર સુધીનાં વિસ્તારોમાં અનુભવાઈ હતી. ગુજરાત સ્થિત સિસ્ટમોલોજીકલ વિભાગે જાહેર કર્યું હતું કે રાત્રે ૧૦.૧૫ વાગ્યે અનુભવાયેલા ભૂકંપનું કેન્દ્ર બિન્દુ પાટણની દક્ષિણ-દક્ષિણ પશ્ચિમે ૧૩ કિલોમીટર દુર માલુમ પડયુ હતું. ભુકંપથી કોઈ જાનહાની કે નુકશાનીનાં અહેવાલ નથી છતાં તેની તીવ્રતા ૪.૩ ની હોવાથી અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, સુરેન્દ્રનગર સુધી ધ્રુજારી અનુભવાઈ હતી. મોડીરાત્રે ભૂકંપના આંચકાને પગલે સમગ્ર વિસ્તારમાં ઈમારતો ધણધણી ઉઠી હતી. અને ભયભીત લોકો ઘરની બહાર દોડી ગયા હતા.મકાનો-ઈમારતોમાં બારી-દરવાજા ખખડયા હતા. લોકો ઘણા વખત સુધી ઘરની બહાર જ રહ્યા હતા.

## ગુજરાતનાં વિદ્યાર્થીઓને અમેરીકાની ગીફટ વિઝા માટે તત્કાલ એપોઈન્ટમેન્ટ મળશે

અમદાવાદ તા. ૧૬

આ શિયાળામાં અમેરિકન સરકાર ગીફટ લઈને આવી છે. ગુજરાતનાં વિદ્યાર્થીઓને હવે વિઝા ઈન્ટરવ્યુની તારીખો સરળતાથી મળી શકશે, જેનાથી ઘણાં વિદ્યાર્થીઓને નોંધપાત્ર ફાયદો થશે અને તણાવ ઘટશે. ભારત અને ગુજરાતનાં સેંકડો વિદ્યાર્થીઓ દર વર્ષે અમેરિકન યુનિવર્સિટીઓમાં સ્નાતક અને માસ્ટર ડિગ્રીના અભ્યાસક્રમો માટે જાય છે.

અમેરિકન એમ્બેસીએ સોશિયલ મીડિયા પોસ્ટ પર જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓ માટે હવે નવેમ્બર અને ડિસેમ્બર દરમિયાન સમગ્ર ભારતમાં હજારો એપોઈન્ટમેન્ટ ઉપલબ્ધ છે. પ્રથમ વખત અરજદારોને ઈન્ટરવ્યુ લેવાની તક મળી જાય પછી અમે અગાઉ નામંજૂર થયેલાં અરજદારો માટે પણ સ્લોટ ખોલીશું.

## એસબીઆઈએ વિવિધ લોન મોંઘી કરી

નવી દિલ્હી તા. ૧૬

દેશની સૌથી મોટી બેંક SBIએ તેની લોનના વ્યાજ દરમાં વધારો કર્યો છે. બેંકે માહિતી આપી છે કે અમુક મુદતની લોન પર સ્ક્રન્ડ (માર્જિનલ કોસ્ટ ઓફ ફંડ બેઝ્ડ લેન્ડિંગ રેટ)માં ૦.૦૫%નો વધારો કરવામાં આવ્યો છે. બેંકની વેબસાઈટ પર આપવામાં આવેલી માહિતી અનુસાર, એક વર્ષના MCLRમાં ૦.૦૫%નો વધારો કરવામાં આવ્યો છે. શુક્રવારથી આ દર વધીને ૯% થઈ ગયો છે.

## પુલ પરથી કાર નીચે ખાબકી : પાંચ યાત્રાળુઓનાં મોત

અમદાવાદ, તા.૧૬

ખેડા જિલ્લાના કપડવંજ તાલુકાના દંતાલી ગામના એક પરિવાર સહિત ચાર જણા કારમાં શામળાજી મંદિરે દર્શન કરવા આવ્યા હતા.તેઓ શામળાજી મંદિરે દર્શન કરીને ઘરે પરત જઈ રહ્યા હતા ત્યારે અમદાવાદ-ઉદયપુર નેશનલ હાઈવે પર મોડાસાના ગળાદર નજીક અકસ્માત નડ્યો હતો. આ અકસ્માતમાં નેશનલ હાઈવેના પુલ પરથી કાર લગભગ ૩૫ ફૂટ નીચે પટકાઈ હતી. કારચાલક સહિત તેમાં બેઠેલા પાંચ વ્યકિતને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જે પૈકી ચાર જણા ઘટનાસ્થળે જ મોતને ભેટ્યાં હતાં. જ્યારે એકનું સારવાર દરમિયાન મોત થયું હતું. મૃતકોમાં એક મહિલા, બે પુરુષ અને બે બાળકોનો સમાવેશ થાય છે.

## યુપીનાં ભદોહીમાં ભાજપનાં સાંસદની મટન પાર્ટીમાં બે જૂથો વચ્ચે મારામારી

મિર્ઝાપુર,તા.૧૬

યુપીના ભદોહીના ભાજપ સાંસદ વિનોદ બિંદની મિર્ઝાપુર ઓફિસમાં મટન પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આસપાસના ગામોના ૨૫૦ જેટલા લોકોએ ભાગ લીધો હતો. લોકો ઓફિસની અંદર ફલોર પર બેસીને મટનની મજા માણી રહ્યા હતા. બધું સામાન્ય થઈ રહ્યું હતું. પરંતુ પાર્ટીમાં વાતાવરણ ત્યારે બદલાઈ ગયું જ્યારે ભાજપના સાંસદના ડ્રાઈવરના ભાઈએ પાર્ટીમાં આવેલા યુવકને મટનને બદલે માત્ર ગ્રેવી પીરસી. મટનને બદલે ગ્રેવી મળતા યુવક ગુસ્સે થયો હતો.

આરોપ છે કે, તેણે અપશબ્દો બોલીને વાંધો ઉઠાવ્યો અને તેણે પીરસનારને જોરદાર થપ્પડ મારી હતી. આ ઘટના બાદ હોબાળો મચી ગયો હતો. થોડી જ વારમાં સાંસદની ઓફિસમાં ચાલી રહેલી પાર્ટી યુદ્ધનું મેદાન બની ગઈ હતી. અહીં બંને પક્ષો વચ્ચે જોરદાર લાતો અને મુક્કાબાજી થઈ હતી. લડાઈ જોઈને કતારમાં બેઠેલા લોકો પતરાળા લઈને ભાગી ગયા. આ સમગ્ર મામલો મિર્ઝાપુરના મઝવાન વિધાનસભા ક્ષેત્રના કરસાડાનો છે.

## કયાં છે મંદી ? ૪૨ દિવસમાં ૪૨ લાખ વાહનોનું વેચાણ

નવી દિલ્હી, તા.૧૬: દેશમાં તહેવારની સિઝન ઓટોમોબાઈલ સેક્ટરને આ વખતે જોરદાર ફળી છે, દેશમાં આ વર્ષે ૪૨ દિવસના તહેવારોના સમયગાળા દરમિયાન વાહનો (રિટેલ)નું વેચાણ વાર્ષિક ધોરણે ૧૨ ટકા વધીને ૪૨,૮૮,૨૪૮ યુનિટ થયું છે. પેટ્રોલ-ડીઝલથી લઈને જીવનજરુરી ચીજવસ્તુઓના ભાવમાં ધરખમ વધારો થઈ રહ્યો હોવા છતાં વાહનાનો વેચાણમાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે એનું સૌને આશ્ચર્ય છે.


**ધમાકા એક્ષચેન્જ ઓફર**
તમારૂ જુનું ફર્નિચર આપી જાવ
નવું ફર્નિચર લઈ જાવ
આ ઓફર ટુંક સમયમાં માટે જ છે

PARDAWALA

- શું તમે તમારા બજેટમાં દિકરા-દીકરી ના લગ્ન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
- શું તમે તમારા બજેટમાં ઘર માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
- શું તમે તમારા બજેટમાં ઓફીસ કે દુકાન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
- શું તમે તમારા બજેટમાં પડદા, વોલપેપર કે કારપેટ ખરીદવા માંગો છો...?

**જો હા... તો હવે**

જૂનાગઢ શહેરમાં અમો લાવ્યા છીએ તમારા બજેટમાં તમામ પ્રકારનું ફર્નિચર જે તમારી ઈચ્છા મુજબનું બનાવી આપશું અને તૈયાર પડદા, ગાદલા, વોલપેપર કારપેટ તેમજ પડદા નું કાપડ ખુબજ સસ્તા ભાવમાં મળશે. માટે આજે જ અમારા શો રૂમની અવશ્ય મુલાકાત લેશો.

બેડરૂમ સેટ / મોડ્યુલર કિચન / સોફા સેટ / ઓફીસ ફર્નિચર / આકર્ષિત પડદા / વોલપેપર

**સી.સી. પડદાવાલા**

તળાવ દરવાજા ફાટક પાસે, સહયોગ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧. મોબાઈલ : ૯૯૭૮૬ ૫૪૧૫૫

CARE+ LABORATORY

રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : 24x7
8005 70 8005

**અમારી બીજી બ્રાન્ચ**
અક્ષર આઈકોન, ગ્રાઉન્ડ ફ્લોર, ગંગા પાર્ક, કે.જે. કેન્સર હોસ્પિટલની બાજુમાં, ઝાંઝરડા બાયપાસ રોડ, જૂનાગઢ

**હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ**
- CBC - લોહીના કણોની તપાસ
- RBS - સુગરની તપાસ
- HbA1c - સરેરાશ સુગરની તપાસ
- Lipid Profile - લોહીમાં ચરબીની તપાસ
- SGPT & SGOT - લીવરની તપાસ
- Creatinine - કિડનીની તપાસ
- Uric Acid - સાંધાના દુખાવાની તપાસ
- TSH - થાઈરોઈડની તપાસ
- Vitamin B12 - વિટામીન બી૧૨ ની તપાસ

749/- (કિંમત 2870/-)

**હેલ્થ ચેકઅપ એડવાન્સ કેમ્પ**
હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ +
- Vitamin D - હાડકાના વિટામીન ડી ની તપાસ
- Electrolytes (Na,Cl,K) - સોડીયમ,ક્લોરાઈડ અને પોટેશ્યમ નું લેવલ
- I.Calcium - ફ્રી કેલ્શીયમ નું લેવલ
- Ferritin - બોનમેરોમાં લોહતત્વનું પ્રમાણ
- T3 T4 TSH - થાઈરોઈડની સંપૂર્ણ તપાસ

1349/- (કિંમત 5060/-)

સચોટ નિદાન માટે ૧૨ કલાક ભૂખ્યા પેટે લોહી આપવું અનિવાર્ય છે.

કેમ્પ : દર બુધવારે અને રવિવારે સવારે ૮.૩૦ થી બપોરના ૧૨.૦૦

કેમ્પ સ્થળ :- કેર + લેબોરેટરી, ડૉ. કાઝી સાહેબની જૂની હોસ્પિટલ, ચીતાખાના ચોક પાસે, જૂનાગઢ - ૩૬૨ ૦૦૧.

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
- મરચું
- હળદર
- ધાણાજીરૂ
- ગરમ મસાલો

"Chiropratic" - ગરદન સંબંધિત માથાનો દુઃખાવો ઘટાડવામાં મદદ કરે છે. તમારી મુદ્રામાં સુધારો કરે છે. પીડા ઘટાડે છે અને તમારી કરોડરજ્જુ અને અન્ય સાંધાઓની ગતિની શ્રેણીમાં સુધારો કરે છે. અસ્થિવા જેવી ક્રોનિક સ્થિતિના લક્ષણો ઘટાડે છે. ગરદન અથવા કરોડરજ્જુની નાની ઇજાઓ, ખાસ કરીને વ્હીપ્લેશની સારવાર કરે છે.

"Tera- Herts" - ટેરાહર્ટ્ઝ આવર્તન સામાન્ય શારીરિક કોષોની સમાન આવર્તન પર વાઈબ્રેટ કરે છે, તેથી તે તમારી રોગ પ્રતિકારક શક્તિને વેગ આપે છે, કોષોમાં ચયાપચયની પ્રવૃતિમાં વધારો કરે છે, સેલ્યુલર ઓક્સિજનેશનમાં વધારો કરે છે તેમજ રક્ત પ્રવાહમાં વધારા કરે છે.

"Kashya Therapy" - શરીરની ગરમી ઘટાડે છે. આંખોમાં થતી બળતરા મટાડે છે. રક્ત પરિભ્રમણ સુધારે છે.

"Accupressure" - ચોક્કસ ચેતાને ઉત્તેજીત કરવાથી પીડાની સંવેદના ઘટાડવામાં મદદ મળી શકે છે. સંશોધકો એ પણ જોયુ કે એક્યુપ્રેશર સ્ટ્રેસ હોર્મોન કોર્ટિસોલનું સ્તર ઘટાડે છે. તે એન્ડોર્ફિન્સનું સ્તર પણ વધારે છે. જે રસાયણોનું સ્તર પણ વધારે છે. જે રસાયણો છે. જે મુડને વેગ આપે છે. અને પીડાન લાગણી ઘટાડે છે. છેલ્લે, એક્યુપ્રેશર રક્ત પરિભ્રમણને સુધારી શકે છે.

**KHUSHI WELNESS** Ayurvedic-Herbal
Chiropratic & Bone Setting
યુસુફજય આજીલ જહુરખાન (M.D.CH.T.) (અપોઈન્ટમેન્ટ લેવી ફરજીયાત)
સ્નાયુના દુઃખાવા તથા સાંધાના દુઃખાવા કમર, ધુટણ, ખંભા, ગરદન, સાયટીકા, ગાદી ખસી જવી
મો. ૯૮૨૪૨ ૦૦૫૩૩, ૭૫૭૫૮ ૯૧૦૬૮
ચિતાખાના ચોક, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, દુકાન નં. ૩૦૪, ત્રીજો માળ, જુનાગઢ.

**સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે**
અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો
તમે જ કહેશો કે વાહ ભઈ વાહ
**મોરો સોપારી કટીંગ**
**૧ કિલોના ફકત રૂા.૬૦૦**
આ રીટેઈલ માટે છે
આ ખોટા વખાણ નથી હો..
આપ નજરે નિહાળો પછી તમે જ કહેશો કે વાહ..ભાઈ વાહ..
સૌરાષ્ટ્ર ભૂમિ બ્યુરો ઓફીસ
ગુલબાવાડી નજીક, ખોજાવાડ ચોક પાસે, જૂનાગઢ
**મો. ૯૩૭૬૬૦ ૫૫૬૨**

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આયુર્વેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
**ડૉ. ધવલ સંઘવી**
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
**દરેક જગ્યાએ ઉપલબ્ધ**
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

### સાબરમતીમાં દારૂનું કટિંગ થઈ રહ્યું હતું ત્યારે પોલીસ ત્રાટકી

# સ્ટેટ મોનિટરિંગ સેલનો સપાટો, અમદાવાદમાં ૩ સ્થળે દરોડા

## સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે અમદાવાદમાં ત્રણ સ્થળે દરોડા પાડીને મોટા પ્રમાણમાં દારૂનો જથ્થો ઝડપી લીધો

અમદાવાદ, તા.૧૬

સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે અમદાવાદમાં ત્રણ સ્થળે દરોડા પાડીને મોટા પ્રમાણમાં દારૂનો જથ્થો ઝડપી લીધો છે. હવે બૂટલેગરો ટ્રેનમાં દારૂ લાવી રહ્યા હોવાનો પોલીસે પર્દાફાશ કર્યો છે. જ્યારે ધૂમ સ્ટાઈલમાં દારૂ ભરેલી ઈકો કારનો પીછો કરીને દારૂ ઝડપી લેવામાં આવ્યો છે. સાબરમતીમાંથી દારૂનો જથ્થો ઝડપાયો : સ્ટેટ મોનિટરિંગ સેલને બાતમી મળી હતી કે, સાબરમતીમાં દારૂનું કટિંગ થઈ રહ્યું છે. ટીમે રેડ કરતા દારૂની પેટીનું કટિંગ (વિતરણ) થઈ રહ્યું હતું. પોલીસને જોતાની સાથે જ બૂટલેગરોમાં દોડાદોડી થઈ ગઈ હતી. કેટલાક લોકો ભાગવામાં સફળ થઈ ગયા હતા. મોનિટરિંગ સેલની ટીમ ઘટનાસ્થળે પહોંચી ત્યારે દારૂનો જથ્થો મગાવનાર મહેન્દ્ર ઉર્ફે મેંદુ જાડેજા ફરાર થઈ ગયો હતો. પોલીસે બે વાહન સાથે દારૂની ૭૩૩ બોટલ જપ્ત કરી હતી. વાહનચાલકો દારૂનો જથ્થો લેવા આવ્યા હતા. સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે ૩.૬૫ લાખનો દારૂનો જથ્થો ઝડપી ૮૦ હજારના બે વાહન જપ્ત કર્યા હતા. મહેન્દ્ર ઉર્ફે મેંદુ દારૂનું કટિંગ કરી રહ્યો હતો ત્યારે SMC ત્રાટકી હતી અને દારૂનો જથ્થો ઝડપી લીધો હતો. SMCએ સાબરમતી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધ્યો છે.હવે રાજસ્થાનથી દેશી દારૂ ટ્રેનમાં અમદાવાદ મોકલાઈ રહ્યો છે : ટ્રેનમાં પણ દારૂ, ડ્રગ્સ તેમજ ગેરકાયદે ચીજવસ્તુઓની હેરફેર થતા હોવાના અનેક કિસ્સા નોંધાયા છે. સ્ટેટ મોનિટરિંગ સેલને બાતમી મળી હતી કે, ઉદેપુરથી અમદાવાદ આવી રહેલી ટ્રેનમાં દેશી દારૂનો જથ્થો લઈને કેટલાક લોકો આવી રહ્યા છે. મોનિટરિંગ સેલની ટીમ અસારવા રેલવે સ્ટેશન પહોંચી ગઈ હતી અને ઉદેપુરથી આવેલી ટ્રેન ચેક કરી હતી. ટ્રેનમાંથી પોલીસે ૭૭૦ લીટર દેશી દારૂ ઝડપી લીધો હતો. પોલીસે સાબરકાંઠાના તલોદમાં રહેતા આકાશ દેવીપૂજક, શહેરકોટડામાં રહેતા શાહરૂખ ઘાંચી અને સાજીદ અંસારીની ધરપકડ કરી હતી. ત્રણેયની પૂછપરછમાં જણાયું હતું કે, દારૂનો જથ્થો તલોદના આંબાવાડી ગામમાં રહેતા પીન્ટુ ઠાકોરે મોકલ્યો છે. શહેરકોટડાના શોહેલે દારૂ મગાવ્યો હતો. આમીર અને રવિ દારૂ લેવા આવવાના હતા. કાલુપુર રેલવે પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધ્યો છે.મોનિટરિંગ સેલે ધૂમ સ્ટાઈલમાં દારૂ પકડ્યો : સ્ટેટ મોનિટરિંગ સેલને માહિતી મળી હતી કે કણભાથી ઓઢવ જવાના રોડ પર એક ઈકો કારમાં દારૂનો જથ્થો આવી રહ્યો છે. પોલીસે વોચ ગોઠવી હતી ત્યારે એક ઈકો કાર પૂરઝડપે આવી હતી.

પોલીસે ઈકો કાર રોકવાની કોશિશ કરી હતી પરંતુ તે ઊભી ન રહેતા પૂરઝડપે પસાર થઈ ગઈ હતી. પોલીસે ઈકો કારનો પીછો કર્યો હતો અને સિંગરવા ગામના ઓવરબ્રિજ પર કારને ઝડપી લીધી હતી. ઈકો કારમાંથી SMCએ ૯૫૦ લીટર દેશી દારૂનો જથ્થો જપ્ત કર્યો છે પોલીસે કારચાલક રાહુલ મીણાની ધરપકડ કરી હતી.

## જૂનાગઢ શહેરમાં ૩ના અકાળે મોત

જૂનાગઢ તા.૧૬

જૂનાગઢ શહેરમાં ૩ના અકાળે મોત થયાનું એ ડીવીઝન અને બી ડીવીઝન પોલીસ મથકે નોંધાયું છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર કુંભારવાડા વિસ્તારમાં રહેતા એમનાબેન નુરમહમદ ઠેબા(ઉ.વ.૮૦)એ કોઈ કારણોસર ઝેરી દવા પી લેતા મોત નિપજયાનું ફારૂકભાઈ મહમદભાઈ ઠેબાએ એ ડીવીઝન પોલીસ મથકે જાહેર કરેલ જયારે ભાટીયા ધર્મશાળા પાસે રહેતા ધર્મેશભાઈ જેન્તીભાઈ પુરબીયા (ઉ.વ.૩૫)એ કોઈ કારણોસર ઝેરી દવા પી લેતા મોત નિપજયાનું મૃતકના પત્ની રીટાબેને એ ડીવીઝન પોલીસ મથકે જાહેર કરતા પોલીસે કાર્યવાહી કરી. તેમજ વણઝારી ચોક વિસ્તારમાં મંગલધામ સોસાયટીમાં રહેતા મનસુખભાઈ દેસાભાઈ રાવલીયા(ઉ.વ.૪૮)નું કોઈપણ રીતે મોત નિપજયાનું મૃતકના પુત્ર હિમાંશુભાઈએ બી ડીવીઝન પોલીસ મથકે જાહેર કરતા પોલીસે કાર્યવાહી કરી છે.

## શ્રી કેશવ કો.ઓ. ક્રેડીટ સોસાયટી દ્વારા આજે દિપાવલી સદસ્ય સ્નેહમિલન

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૬

શ્રી કેશવ કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી. જૂનાગઢ દ્વારા આજે બપોરે ૪:૩૦ કલાકે ડો. કેશવરામ બલીરામ હેડગેવાર ભવન, ત્રિમંદિર સામે, ખામધ્રોળ ચોકડી ખાતે દિપાવલી સદસ્ય મિલન કાર્યક્રમ તથા સહકાર સપ્તાહ ઉજવણીનો કાર્યક્રમ યોજવામાં આવી રહેલ છે. કાર્યક્રમને સફળ બનાવવા આયોજકો દ્વારા જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

## જૂનાગઢના એક કેસમાં ૪૫ લાખની રકમની ચુકવણીનો ચેક પરત થતાં : બે વર્ષની જેલ

જૂનાગઢ તા.૧૬

જૂનાગઢના રહીશ ઉમેશભાઈ મથુરભાઈ રૈયાણી સાથે જીતેશભાઈ અમરશીભાઈ ગજજરને મિત્રતાના અંગત સંબંધ હોય તેઓને નાણાની જરૂરીયાત ઉભી થતાં રૂા.૪૫,૦૦,૦૦૦/- (પીસ્તાલીસ લાખ) તેઓના મિત્ર ઉમેશભાઈ રૈયાણી પાસેથી હાથ ઉછીના લીધેલ હતા. જે રકમ ઉમેશભાઈએ પરત માંગતા જીતેશભાઈ અમરશીભાઈ ગજજરે ચેક લખી આપેલો જે ચેક રીટર્ન થતાં ઉમેશભાઈ રૈયાણીએ જૂનાગઢની ચીફ કોર્ટમાં ફરિયાદ દાખલ કરેલી જે કેસ તાજેતરમાં નામ. અદાલતમાં ચાલી જતા ફરિયાદીના વકીલ કે.ડી. ઓડેદરાની દલીલો તથા સર્વોચ્ચ અદાલતોના ચુકાદાઓ ધ્યાને લઈ નામદાર અદાલતે આરોપી જીતેશભાઈ અમરશીભાઈ ગજજરને બે વર્ષની સાદી કેદની સજા તથા ચેકની રકમ એક માસની અંદર ચુકવી આપવાનો હુકમ કરેલ જો તે રકમ એક માસમાં ચુકવી ન આપે તો વધુ ત્રણ માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવેલો છે.

## દેવભૂમિ દ્વારકા જિલ્લા આયુર્વેદિક વિભાગ દ્વારા દ્વારકા ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિ ને આપવામાં આવ્યું પ્રશંસા પત્ર



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૬

યાત્રાધામ દ્વારકાના દ્વારકાધીશ જગત મંદિરમાં સેવા પૂજા અને યજમાન વૃતિ કરનાર શ્રી ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિ ૫૦૫ દ્વારા સામાજિક ઉત્થાન અને વિકાસ માટેની અનેક સેવાકીય પ્રવૃતિઓ કરવામાં આવે છે ત્યારે દેવભૂમિ દ્વારકા જિલ્લાના આયુર્વેદિક વિભાગ દ્વારા ઓગસ્ટ માસમાં જિલ્લા આયુર્વેદિક અધિકારી ડો. વિવેક વી. શુકલાની અધ્યક્ષતામાં દ્વારકા ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા સંચાલિત દ્વારકેશ સારવાર હોસ્પિટલ ખાતે જિરીયાટ્રીક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં અનેક દર્દીઓએ લાભ લીધો હતો. આયુર્વેદિક સારવાર પદ્ધતિથી રોગનું નિદાન, યોગ સેશન તેમજ આયુર્વેદિક પદ્ધતિની પ્રદર્શનનીનું પણ આયોજન પણ કરવામાં આવ્યું હતું. આ તકે દેવભૂમિ દ્વારકા જિલ્લા આયુર્વેદિક વિભાગ દ્વારા દ્વારકા ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિ આરોગ્ય મંત્રી આશિષભાઈ મીનને તથા સામાજિક કાર્યકર સન્નીભાઈ પુરોહિતને પ્રશંસા પત્ર આપવામાં આવ્યું. અત્રે એ ઉલ્લેખનીય છે કે જીરિઆટ્રીક કેમ્પની વ્યવસ્થામાં સંકલનની કામગીરી સન્નીભાઈ પુરોહિત દ્વારા કરવામાં આવી હતી.

# ગિરનારની પરિક્રમામાં માળવેલાથી બોરદેવી ધક્કામૂકી કરી મોબાઈલ ચોરતી ગેંગના ૪ શખ્સોની ધરપકડ




(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૬

જૂનાગઢ નજીક આવેલા ગરવા ગિરનાર ખાતે યોજાયેલી પરિક્રમા આ વખતે વહેલી શરૂ થવાની સાથે વહેલી પૂર્ણ પણ થઈ છે. ત્યારે પરિક્રમામાં ભાવિકો સાથે માળવેલાથી બોરદેવી ધક્કામૂકી કરી મોબાઈલની ચોરતા ૪ યુવકની પોલીસે ધરપકડ કરી રૂપિયા ૧,૯૦,૫૦૦ની કિંમતના ૨૧ મોબાઈલ ફોન કબજે કર્યા હતા. લોકલ ક્રાઈમ બ્રાન્ચ જૂનાગઢના પીઆઈ જે. જે. પટેલના માર્ગદર્શનમાં માળવેલા ઘોડીથી લઈ બોરદેવી સુધી સર્વેલન્સ સ્ટાફ, જૂનાગઢ સી ડિવિઝન, પોલીસ હેડ ક્વાર્ટર અને ચોરવાડ પોલીસ સ્ટેશનના પોલીસ કર્મીઓ બંદોબસ્ત સબબ પેટ્રોલિંગમાં હતા. દરમિયાન નળપાણીની ઘોડી તરફથી બોરદેવી તરફ યાત્રિકો આવતા હતા. અને તેમની ગીર્દીમાં ૪ શખ્સ ધક્કામૂકી કરી વચ્ચે જઈ થોડી વાર ભાવિકોના ટોળામાંથી બહાર નીકળી જતા હોવાનું જણાયું હતું. આથી પોલીસે ચારેય શખ્સને રાઉન્ડ અપ કરી ક્રાઈમ બ્રાન્ચ ખાતે લાવી ચેક કરતા ચારેય પાસેથી ૨૧ મોબાઈલ ફોન મળી આવ્યા હતા. શખ્સો પાસેથી મળી આવેલ મોબાઈલ ફોનના બિલ અને આધાર પુરાવા નહીં હોવાથી ચારેય શખ્સે મોબાઈલ ફોન ચોરી અગર તો છળકપટથી મેળવ્યા હોવાનું જણાય આવતા રૂપિયા ૧૯૦૫૦૦ની કિંમતના ૨૧ મોબાઈલ ફોન કબજે લઈ રાજકોટનો સની ભીખુ કારોલીયા, રાજુ ઉર્ફે બુચો કારોલીયા, રમેશ ઉર્ફે ડુટો દલા સોલંકી તથા દૂદા ઉર્ફે ભાદીયો ભુપત સોલંકીની ધરપકડ કરી વધુ તપાસ માટે ભવનાથ પોલીસને સોંપી આપ્યા હતા. ગિરનાર પરિક્રમામાં યાત્રિકોના મોબાઈલની ચોરી કરતા પકડાયેલા યુવકોની વય ૧૯ થી ૨૫ વર્ષની વચ્ચે હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું. જેમાં ૧. સની ભીખુ કારોલીયા(ઉ. વ. ૧૯) રહે. રૈયા ચોકડી પાસે, આલાપ ગ્રીન સોસાયટી રાજકોટ, ૨. સાત રસ્તા બાયપાસ પાસે, જામનગરનો વતની રાજુ ઉર્ફે બુચો ભરત કારોલીયા(ઉ.વ. ૧૯) રહે. ગોંડલ ચોકડી, વાવડી રોડ, પુનિતનગર, પાણીની ટાંકી સામે, રાજકોટ, ૩. રમેશ ઉર્ફે ડુટો દલાભાઈ સોલંકી(ઉ.વ.૨૦) રહે. ગોંડલ ચોકડી, વાવડી રોડ, પુનિતનગર, પાણીની ટાંકી સામે, રાજકોટ, ૪. દુદા ઉર્ફે ભાદીયો ભુપત સોલંકી, રહે. ગોંડલ ચોકડી, વાવડી રોડ, પુનિતનગર, પાણીની ટાંકી સામે, રાજકોટ.

## પરિક્રમા દરમ્યાન દિગમ્બર જૈન ધર્મશાળા ખાતે યાત્રિકોને છાશ-શરબતનું વિતરણ કરાયું



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૬

પરિક્રમાના મેળામાં દિગમ્બર જૈન કારખાના (ધર્મશાળા) ભવનાથ તળેટી જૂનાગઢના ટ્રસ્ટ દ્વારા યાત્રિકોને છાશ, શરબત તથા ઠંડાપીણાનું વિતરણ કરવામાં આવેલ છે.

## નામ બદલાવેલ


હું મીના બાલુભાઈ ગોહેલ જાહેર કરૂ છું કે મારૂ (જુનુ) નામ મીનાબેન કપીલકુમાર કંસારા હતું જે બદલાવીને હવેથી મારૂ નવું નામ મીના બાલુભાઈ ગોહેલ કરેલ છે. હવે પછી હું મારા નવા નામ મીના બાલુભાઈ ગોહેલ તરીકે ઓળખાઈશ.

કેશોદ. તા.૧૪-૧૧-૨૦૨૪

સહી - મીના બાલુભાઈ ગોહેલ

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

ટચુકડી જાહેરાત દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો

ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
શિયાળાની ગુલાબી ઠંડી માટે ભેંસનું શુધ્ધ ઘી લેબોરેટરી ટેસ્ટ મળશે તથા ગાયનું તાજુ ઘી આવી ગયું છે
વિજય ઘી ડીપો
ડબાગલી રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

100% નહીં ૧૫૦% ની મની ગેરંટી
૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે
ફાયદા :
(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..
(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.
(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..
(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુ:ખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..
નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી.
આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે
:: ફોન કરવા માટેનો સમય ::
સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ
૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-
૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-
ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે
આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી
સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨
જૂનાગઢ

મોબાઈલ... મોબાઈલ..
પ્રી-પેઈડ કાર્ડ, પોસ્ટપેઈડ કનેકશન, રીચાર્જ કુપન તેમજ દરેક કંપનીનાં મોબાઈલ, બેટરી, ચાર્જર, કવર વગેરે એસેસરીઝ માટે સંપર્ક
શ્રી જલારામ
ટેલીકોમ
વણઝારી ચોક, જૂનાગઢ
મો. ૯૮૨૫૪ ૬૧૧૦૦

રોયલ ગેસ સ્ટવ
૧/૨/૩/૪ બર્નર ના L.P.G. અને P.N.G.
ઘર વપરાશના ગેરેન્ટી વાળા ચુલા
દરેક કંપનીના મોડેલ માત્ર અમારે ત્યાં
વિશાળ રેન્જ ધરાવતું એક જ નામ એટલે જ
રોયલ ગેસ સ્ટવ
એક્સચેન્જ ઓફર નો લાભ મળશે
જુના ચુલાનું વળતર મળશે
ઘરબેઠા રીપેરીંગ માટે સુવિધા મળશે
માંડવી ચોક, મોટી શાક માર્કેટ પાસે, મકન ગાંધીની દુકાન સામે, જૂનાગઢ
મો.૮૮૬૬૦ ૨૭૬૧૩

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

સ્વાદનો ચટકો !
અમારે ત્યાંથી
● પાણીપુરી ● ભેળ ● સમોસા રગડો
● મસાલાપુરી ● દાબેલી ● રગડા પેટીસ
● દહીપુરી ● દિલ્હી ચાટ ● બાસ્કેટ ચાટ
● સેવપુરી ● લસણીયા બટેટા
તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે
:: ખાસ નોંધ ::
લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
જલારામ પાણીપુરી
પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.
જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

બેકરીની બધી જ આઈટમ ઘઉમાં મળશે સ્પે. પંજાબી પફ મળશે આઈસ કેકનાં સ્પેશ્યાલીસ્ટ
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

જલજીત આઈસ્ક્રીમ
અંદર બેસવાની સુંદર વ્યવસ્થા
ક્રીમ લચ્છી
સન્ડે આઈસ્ક્રીમ
ક્રિમ મિલ્ક સેઈક
શિખંડ - બાસુંદી - દહીંવડા
કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

# તાલાલા તાલુકાના ચિત્રાવડ ખાતે જનજાતિય ગૌરવ દિવસની ઉજવણી






ગીર સોમનાથ તા. ૧૬

ગીર સોમનાથ જિલ્લામાં 'જનજાતિય ગૌરવ દિવસ'ની ઉજવણી તાલાલા તાલુકાના ચિત્રાવડ ખાતે આવેલ કન્યા સાક્ષરતા નિવાસી શાળા ખાતે કરવામાં આવી હતી.

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી ભાનુબહેન બાબરિયાએ આ અવસરે જણાવ્યું હતું કે, આદિવાસી સમાજ માટે આજનો દિવસ ગૌરવનો દિવસ છે. દેશના કોઈપણ નાગરિક ભેદભાવનો સામનો ન કરે એવા શુભ હેતુસર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય મહા અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.

આ સંદર્ભમાં તેમણે જણાવ્યું હતું કે, સરકારની સામાન્ય લોકો માટેની સંવેદનાને લઈને સમાજના અંતિમ પગથિયે બેઠેલાં લોકોના જીવનમાં ઉત્કર્ષના અજવાળા પથરાય તે સરકારનો ધ્યેય છે. આજે ભગવાન બિરસામુંડાની જન્મજયંતીના અવસરે આદિવાસી બહુલ વસ્તી ધરાવતા વિસ્તારમાં સરકારી યોજનાઓના લાભ હાથોહાથ આપવામાં આવી રહ્યાં છે. જે સરકારની સામાન્ય જનજાતિના લોકો પ્રત્યેની સંવેદનાને પ્રતિબિંબિત કરે છે.

અંબાજીથી ઉમરગામ સુધી વસવાટ કરતા આદિવાસી સમાજના લોકોને પાણી, સ્વાસ્થ્ય, આરોગ્ય, સિંચાઈ, સ્વચ્છતા, દૂરસંચાર સહિતની સગવડો સરકાર દ્વારા કોઈપણ પ્રકારના ભેદભાવ વગર સુપેરે પૂરી પાડી છે. રાજ્ય સરકાર દ્વારા અનુસૂચિત જાતિના વિકાસ માટે રૂ.૧૫ હજાર કરોડની વિકાસ યોજનાઓનું આયોજન કરવામાં આવેલું છે. તેમ તેમણે વધુમાં ઉમેર્યુ હતું.

મંત્રીશ્રીએ પદ્મશ્રીથી સન્માનિત હીરબાઈ લોબીનું ઉદાહરણ રજૂ કરીને જણાવ્યું હતું કે, જ્યારે તમે અન્યની સહાય કરો છો ત્યારે એવા કાર્યમાં ઈશ્વર પણ સહાય કરતો હોય છે. સદ્કાર્યોની ગતિ કોઈ દિવસ રોકાતી નથી. તેવું હીરબાઈના જીવનમાંથી પ્રતિપાદિત થાય છે. તેમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીએ દેશનું નેતૃત્વ સંભાળ્યા બાદ એવું કહ્યું હતું કે, મારી સરકાર છેવાડાના અંતિમ ચરણમાં વસતા લોકોની સરકાર છે. એમના સુધી જનહિતલક્ષી યોજનાઓ પહોંચાડવાની જવાબદારી અમારી સરકારની છે. જે એમણે સાબિત કરી બતાવ્યું છે. જનજાતિ સમૂદાયને સરકારની વિશેષ યોજનાઓનો લાભ વધુને વધુ કઈ રીતે મળે એવો પ્રયત્ન વડાપ્રધાનશ્રી દ્વારા કરવામાં આવ્યો છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વર્ષોથી ભટકતું જીવન ગુજારતા જનજાતિના સમાજને મુખ્યધારામાં લાવવા માટે પ્રધાનમંત્રી જનમન યોજના દ્વારા પ્રયત્ન કરવામાં આવ્યો છે.

તેમણે આયુષ્માન કાર્ડથી માંડીને નાના માણસના ઘરના ઘરનું સપનું સાકાર થાય તે માટેના સરકારના પ્રયત્નોનો વિશેષ ઉલ્લેખ પણ આ અવસરે કર્યો હતો. આદિજાતિ વિકાસ મંત્રાલય દ્વારા આયોજિત જનજાતિય ગૌરવ દિવસની ઉજવણી કાર્યક્રમ અને પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય મહા અભિયાન (પીએમ-જનમન) ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન અન્વયે બિહારના જમૂઈ ખાતેથી જનજાતિય લાભાર્થીઓ સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સંવાદ સાધ્યો હતો. જેનું જીવંત પ્રસારણ આ અવસરે રજૂ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આદિજાતિ સમૂદાય માટે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, ખેતીવાડી, આરોગ્ય વિભાગ, પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ), ઉજ્જવલા યોજના ડિજિટલ એગ્રી સ્ટેક ફાર્મર રજિસ્ટ્રીના વિવિધ સ્ટોલ તેમજ આઈસીડીએસ ઘટક તાલાલા દ્વારા વાનગી નિદર્શન યોજવામાં આવ્યું હતું. આ અવસરે પી.એમ.જનમન આવાસ, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, પી.એમ.કિસાન સન્માન નિધિ સહિત વિવિધ યોજનાઓના લાભાર્થીઓને મહાનુભાવોના હસ્તે પ્રમાણપત્ર અને લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. જિલ્લાના કુલ ૬૧૬૬ લાભાર્થીઓને વિવિધ યોજનાઓનો લાભ અપાયો છે. સીદી સમાજના પ્રખ્યાત ધમાલનૃત્ય, આગાખાન ટ્રસ્ટની મહિલાઓ દ્વારા ગરબા રજૂ કરવામાં આવ્યા હતાં.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી મંજૂલાબહેન મૂછાર, ધારાસભ્ય શ્રી ભગવાનભાઈ બારડ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી સ્નેહલ ભાપકર, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી યોગેશ જોશી, નાયબ કલેક્ટર-૧ શ્રી એફ.જે.માકડા, પ્રાયોજના અધિકારી શ્રી એમ.કે.મણવર, જિલ્લા શિક્ષણાધિકારી શ્રી એમ.પી.બોરિચા, અગ્રણી શ્રી મહેન્દ્રભાઈ પીઠિયા સહિત સીદી સમૂદાયના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં

# કોડીનાર કસ્બા વિસ્તારના ૨ મુસ્લિમ ગ્રુપો વચ્ચે સુખદ સમાધાન



(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૧૬

કોડીનાર કસ્બા વિસ્તારમાં મુસ્લિમો ના બે ગ્રુપો વચ્ચે ચાલતી વૈચારિક મતભેદ ની દુશ્મની નો આજે કોડીનાર ના લોકલાડીલા પાલિકા ના પૂર્વ પ્રમુખ શિવાભાઈ સોલંકી એ સુખદ સમાધાન કરાવી અંત કર્યો હતો. આ અંગે ની વિગત મુજબ કોડીનારમાં મુસ્લિમો ના મોટા વિસ્તાર કસ્બા ઉના ઝાંપા માં ઘણા સમય થી મુસ્લિમો ના બે ગ્રુપ વચ્ચે વિરોધાભાસ વિચારસરણી ના કારણે મનદુઃખ ચાલી રહ્યું હતું જેમાં મુસ્લિમ સમાજ ને ઘણું નુકશાન થઈ રહ્યું હોય આ વિસ્તારના અમુક જાગૃત નવયુવાનો ને આ વાત ધ્યાનમાં આવતા તેમણે આ બંને ગ્રુપ વચ્ચે સમાધાન કરાવવાના પ્રયત્નો શરૂ કરતા તેમજ આ બંને ગ્રુપ રાજકીય રીતે દિનુભાઈ સોલંકી અને શિવાભાઈ સોલંકી ના સમર્થક હોય આ અંગે શિવાભાઈ ને જાણ કરતા આજરોજ શિવાભાઈ એ કસ્બા ના બંને ગ્રુપો ને તેમના નિવાસ સ્થાને બોલાવી બન્ને ગ્રુપ ના વૈચારિક મતભેદો દૂર કરાવી બન્ને ગ્રુપો વચ્ચે સુખદ સમાધાન કરાવ્યા હતા.કસ્બા ના આ બન્ને ગ્રુપો વચ્ચે સુખદ સમાધાન થતાં કસ્બા ઉના ઝાંપા ના ખુશી ની લહેર ફેલાઈ છે.

# ઊનામાં સોરઠીયા પ્રજાપતિ(કુંભાર) જ્ઞાતિના તેજસ્વી તારલાઓનો સરસ્વતિ સન્માન સમારોહ યોજાયો

ઊના તા. ૧૬

શ્રી, ઊના તાલુકા સોરઠીયા પ્રજાપતિ(કુંભાર) જ્ઞાતિ ટ્રસ્ટ દ્વારા ઊના મા આવેલ કુંભાર જ્ઞાતિ ની વાડી મા ૧૬મો સરસ્વતિ સનમાન સમારોહ માં યોગ નિષ્ઠ માં અગ્નિ સિખાજી (અમદાવાદ), જાનકી વલ્લભ મંદિર(ઊના) ના મહંત પુરુષોત્તમ દાસજી, જૂનાગઢ જિલ્લા શિક્ષણ અધિકારી રમેશ ભાઈ જેઠવા , ઊના ના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ, નગર પાલિકા ના પ્રમુખ પરેશ ભાઈ બાંભણિયા, જ્ઞાતિ ના આગેવાન પ્રકાશ ભાઈ ટાંક, શૈલેષ ભાઈ વાઘેલા (કોડીનાર) વિગેરે આગેવાનો અને જ્ઞાતિ જનો મોટી સંખ્યામાં હાજરી આપી હતી તમામ આગેવાનો નું સ્વાગત જ્ઞાતિ ના પ્રમુખ નાનજી ભાઈ આર. કિડેચા એ શાલ ઓઢાડી અને ફૂલ હાર થી સ્વાગત કર્યું હતું. હાજર રહેલ આગેવાનો હસ્તે સમાજ ના બાલવાટિકા થી લઈ ઉચ્ચ ડિગ્રી મા ઉચ્ચ ગુણ પ્રાપ્ત કરેલ ૨૨૫થી વધુ વિદ્યાર્થી ભાઈ બહેનોનું શાળા ઉપયોગી શિક્ષણ કીટ, સિલ્ડ અને પ્રમાણ પત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું આ પ્રસંગે નો તમામ ખર્ચ મૂળ ઊના ના હાલ વિદેશ રહેતા ઉમેશ ભાઈ બી. ટાંકે આપેલ હતો.

# માંગરોળના ચોટીલીવીડી, રૂદલપુર, અને ખોડાદા ગામે અનુસૂચિત જનજાતિના લોકોને વિવિધ યોજનાઓનો લાભ લેવા જાણકારી અપાઈ




## અનુસૂચિત જનજાતિના લોકોને કેન્દ્ર-રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ આપવા અભિયાન શરૂ

(નિલેશ રાજપરા દ્વારા)

જૂનાગઢ તા.૧૬

માંગરોળ તાલુકાના ચોટીલીવીડી, રૂદલપુર, અને ખોડાદા ગામે ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતી નિમિત્તે ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન અંતર્ગત અનુસૂચિત જનજાતિના લોકો માટે કેન્દ્ર-રાજ્ય સરકારની વિવિધ યોજનાઓનો સહેલાઈથી લાભ મળી રહે તે માટે જરૂરી જાણકારી અને માર્ગદર્શન ગ્રામજનોને આપવામાં આવ્યું હતું. આ સાથે વિશેષ ગ્રામ સભા પણ યોજવામાં આવી હતી. વડાપ્રધાનશ્રી બિહારના જમુઈ ખાતેથી જનજાતિય ગૌરવ દિવસ નિમિતે પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય મહા અભિયાન ની પ્રથમ વર્ષગાંઠની ઉજવણીમાં સહભાગી બન્યા હતાં અને તા.૧૫/૧૧/૨૦૨૪ થી ૨૬/૧૧/૨૦૨૪ દરમિયાન યોજાનારા ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન અંતર્ગત IEC કેમ્પેઈનને લોન્ચ કર્યું હતું. જેનું જીવંત પ્રસારણ પણ ગ્રામજનોએ નિહાળ્યું હતું. ઉપરાંત સ્વચ્છતા હી સેવા, એક પેડ મા કે નામ અને વ્યસન મુક્તિ અભિયાન અંતર્ગત શપથ લેવામાં આવ્યા હતાં. વિશેષમાં હાલ ચાલી રહેલ સરકારશ્રીની ઈ- કેવાયસી તથા ફાર્મર રજીસ્ટ્રેશન અંગે જરૂરી માહિતી આપવામાં આવી હતી.

ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન અંતર્ગત અનુસૂચિત જનજાતિના લોકોને વિવિધ યોજનોનો લાભ પણ આપવામાં આવશે. આ તકે મામલતદારશ્રી માંગરોળ, તાલુકા વિકાસ અધિકારીશ્રી, રેન્જ ફોરેસ્ટ ઓફિસરશ્રી, તાલુકા હેલ્થ ઓફિસરશ્રી સહિત સંલગ્ન કચેરીઓનો સ્ટાફ તથા સરપંચશ્રી-વહીવટદારશ્રી અને ગ્રામજનો બોહળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં

# જૂનાગઢમાં ગુજરાત શૈક્ષણીક-સાંસ્કૃતિક મંચ દ્વારા સંગોષ્ઠી કાર્યશાળા યોજાઈ




## શિક્ષણ એટલે પરિપકવ બનાવવું, પ્રગતિ કરવી, પથદર્શિત કરવું, દોરવણી આપવી, ઘડતર કરવું, સત્વ બહાર લાવવું, પ્રશિક્ષિત કરવું, શિક્ષણ-જ્ઞાન-માહિતી પ્રદાન કરવા, કેળવવું, ઉછેરવું – પ્રો.(ડો.)ચેતન ત્રિવેદી

જૂનાગઢ તા. ૧૬,

જૂનાગઢનાં સુખપુર સ્થિત વિશ્વગ્રામ વિદ્યાપીઠ ખાતે ગુજરાત શૈક્ષણિક-સાંસ્કૃતિક મંચ દ્વારા બે દિવસીય કાર્યશાળાનાં દ્વિતિય સત્રને દિપ પ્રાકટ્યથી ખુલ્લો મુકતા ભકતકવિ નરસિંહ મહેતા યુનિ.નાં કુલપતિ પ્રો. (ડો.) ચેતન ત્રિવેદીએ ગુજરાતભરમાંથી પધારેલ જ્ઞાનસરિતાનાં સાધકોને સંબોધતા જણાવ્યુ હતુ કે ગુજરાત શૈક્ષણિક સાંસ્કૃતિક મંચ દ્વારા આયોજીત આ છઠ્ઠી સંગોષ્ઠી જ્યારે જૂનાગઢનાં આંગણે યોજાઈ રહી છે ત્યારે શિક્ષણ સાથે સંકળાયેલ વિદ્વાનો સાથે યુનિ.નાં કુલપતિ અને પ્રાધ્યાપક તરીકે વિચારગોષ્ઠી કરવાની તક મળતા તરીકે હું હર્ષ અનુભવુ છુ. ગારીયાધારનાં વેળાવદરનાં ઉમદા શિક્ષક કાર્ય કરનાર દિવંગત આલાભાઈ સાંડસુરની શતાબ્દી વર્ષની સ્મૃતિમાં સાંપ્રત સમયમાં ઈતિહાસ, શિક્ષણ અને મુલ્યો પર રાજ્યભરમાંથી પધારેલ શિક્ષણ જગતનાં વિદ્વાનો પોતાનું મંથન કરે એ શિક્ષણક્ષેત્રે નવા આવિશ્કારનાં સર્જનમાં ઉપયોગી બનશે. ડો. ચેતન ત્રિવેદીએ ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિ.નાં કાર્યફલકની જાણકારી આપી યુનિ. દ્વારા થતાં સંશોધનો, શિક્ષણમાં ભારતીયતા, સહિત વિવિધ બાબતોની જાણકારી આપી ઉમેર્યુ હતુ કે જગતનો સદીઓ જૂનો ઈતિહાસ તપાસવા બેસીએ તો ખ્યાલ આવે છે કે માનવ ઈતિહાસ જાતજાતના અનેક યુદ્ધોથી ભર્યો પડ્યો છે. યુદ્ધોએ માણસની બીજાને જીરવવાની વાત કરતા બીજા પર જીતવાની વૃત્તિને વધુને વધુ પ્રબળ બનાવી દીધી. આવા યુદ્ધોને આપણે આજે પાઠ્યપુસ્તકોમાં દાખલ કરીને ખરેખર શું શીખવવા માંગીએ છીએ? 'વી આર નોટ મેઈકર્સ ઓફ હિસ્ટ્રી, વી આર મેઈડ બાય હિસ્ટ્રી.' ભૂતકાળને આમતો ભવ્ય અને ભંયકર એમ બે રીતે મુલવી શકાય છે. ભવ્ય ભૂતકાળને વારસા તરીકે ગ્રહણ -કરવો રહ્યો અને એની ગરિમાનું જતન કરતા રહેવું એ આપણી જવાબદારી બની જાય છે. જ્યારે ભયંકર ભૂતકાળને માનવ ઈતિહાસની ગંભીર ભૂલો તરીકે એનો અભ્યાસ કરી વર્તમાન અને ભવિષ્યમાં એનું પુનરાવર્તન ન થાય એ માટે સજાગ રહેવાનું હોય છે. મુખ્યત્વે શિક્ષણની. ઈતિહાસ તપાસીએ તો ખ્યાલ આવી છે કે શિક્ષણને કેટલું મહત્ત્વ અપાતું હતું. ગુરુકૂળ વ્યવસ્થામાં ગુરુ અને વિદ્યાર્થીનું એકમેક સાથેનું જોડાણ હતું. વિદ્યાનું કામ અર્થોપાર્જનનું કામ નહોતું, સંસ્કાર સિંચનનું કામ હતું. ભારતની પ્રાચિન શિક્ષણ પરંપરામાં ગુરૂ અને શિષ્ય 'કો-ટ્રાવેલર્સ'નાં રોલમાં હતા અને 'ડાયલોગ' એ શિક્ષણનું માધ્યમ હતું. પ્રશ્નોત્તરી એ શિખવાની પ્રક્રિયાનું મૂળભૂત અંગ હતું. શિક્ષણ તો સિલેબસ કોઈ છાપેલા પાઠ્યપુસ્તકોમાં બંધ ન હોવાથી માટે બંધિયાર નહોતુ. જ્ઞાન પ્રાપ્ત કરવાની પ્રક્રિયા રસરૂચિ આધારિત હતી અને કૌશલ્ય પ્રાપ્તિ એ એનો એક હેતુ હતો. શબ્દ કરતાં વધુ મહત્ત્વનાં સંસ્કાર હતા. શિક્ષણનું અંતિમ લક્ષ્ય હતું જીવનનાં સર્વાંગ સુંદર સત્યને પામવું. અંગ્રેજોએ સહુ પ્રથમ અભ્યાસ ભારતીય શિક્ષણ પરંપરાનો જ કર્યો હતો અને એમાંથી અંગ્રેજો પામી ગયા હતા કે ભારતની સામાજિક વ્યવસ્થા એની શિક્ષણ વ્યવસ્થાથી ખૂબ પ્રભાવિત છે માટે આ દેશ અને પ્રજા પર હુકુમત કરવા માટે એનાં મૂળીયાઓ પર ઘા કરવો પડશે. અંગ્રેજોએ આ કામ ખૂબ કીમીયાગીરીથી કર્યું. ધીમે-ધીમે તક્ષશિલા અને નાલંદા જેવી વિશ્વપ્રસિદ્ઘ, વિદ્યાપીઠોનો દેશ એનો શૈક્ષણિક અને સાંસ્કૃતિક વારસો ગુમાવી બેઠો વિશ્વનાં બીજાં દેશો, ફ્રાન્સ, જર્મની જેવા દેશો એમની શિક્ષણ વ્યવસ્થામાં સંસ્કૃત ભાષા તેમજ પંચતંત્રની વાર્તાઓ મૂકવાનું વિચારી શકે છે, ટેક્નોલોજીની હરણફાળ નરી આંખે દેખાઈ રહ્યો છે અને ઔદ્યોગિક વિકાસની આડ અસરો જીવને ગૂંગળાવવા માંડી છે ત્યારે આધુનિક શિક્ષણ વ્યવસ્થાની જવાબદારી ઊલટી બેવડાઈ જાય છે. ત્યારે શિક્ષણને નવેસરથી તપાસીને નવો આકાર આપવાનો સમય હવે પાકી ગયો છે. પચાસ સાઈઠના દાયકાઓમાં પણ દફતર હળવું ફૂલ હતું. બાળકો નિશાળ જતાં પહેલાં ફળિયામાં કે શાળાના મેદાનમાં છૂટથી કોઈની દેખરેખ વિના રમતાં. સાંજે ઘેર આવીને પણ આડોશપાડોશના મિત્રો સાથેસાથે રમત જામતી. હુતુતુ, ખો, ઊભી ખો, નાગોલ, મોઈ દાંડિયા, ફેરરફૂદરડી અને બીજી જાતે શોધી કાઢેલી અનેક રમતો રમતાં. આવી રમતો પાછળ માતા-પિતાને કશું ખર્ચ ન કરવું પડતું. રમતી વખતે ગવાતાં ગીતો ઘરના સ્ત્રી વર્ગ કે મોટાં ભાંડરુઓ પાસેથી શીખતાં. આનાથી ભાષાનો વિકાસ થતો, સ્મૃતિ દ્રઢ થતી એટલું જ નહીં, સ્વ રચના કરવાની પ્રેરણા પણ મળતી અને જોડકણાં જોડવાં કે ગીતોમાં ફેરફાર કરીને ગાવું એનો અનેરો આનંદ મળતો. નાનાં બાળકોના મુક્ત હાસ્ય, નિર્દોષ ધીંગા મસ્તી અને નિર્બન્ધ પ્રવૃત્તિઓથી જીવન ધબકતું રહેતું. તેનું એક કારણ એ કે તેમને બાળપણ જીવવા મળતું હતું. દિવસે શાળામાં ભણીને આવે પછી નવી પેઢીનાં બાળકો અને યુવાનો રાત્રે ફાનસના અજવાળે કે ઝાંખા દીવા બત્તીને ઓઠે બેસી વડીલો પાસેથી વાર્તા, તેમના અનુભવો અને લોકગીતો સાંભળતાં અને સાથમાં ગાતાં, એ દ્રશ્ય સામાન્યપણે જોવા મળતું. આવી જીવન રીતિ કેમ અને ક્યારે અદ્રશ્ય થવા લાગી, એ કહેવું મુશ્કેલ છે, જ્ઞાન અને ટેક્નોલોજીના વિકાસને પરિણામે વિદ્યાર્થીઓ વધુ વિષદ માહિતી મેળવતા થયા છે શિક્ષણની દિશા અને દશાની તુલના અનાયાસ થઈ જાય, ત્યારે 'જૂનું તે સોનું' એ કહેવત યથાર્થ થતી ભાસે એ નિર્વિવાદ છે. ભણતર'ની નવી દિશામાં પગરણ માંડશે, તો જ ભારતનું ભાવિ ખમીરવંતી પ્રજાના હાથમાં રહેશે.

સંગોષ્ઠનાં પ્રારંભે જૈનીક સોરઠીયાએ અતિથીઓને આવકાર્યા હતા. ગુજરાત શૈક્ષણિક-સાંસ્કૃતિક મંચનાં સંયોજક શ્યામજીભાઈ દેસાઈએ સંસ્થા પરિચય આપતા જણાવ્યુ હતું કે તખુભાઈ સાંડસુરની પ્રેરણા અને રહબરીમાં ચાલતી શિક્ષણ મૂલક પ્રવૃત્તિની આજ છઠ્ઠી સંગોષ્ઠી યોજાઈ રહી છે, આ અગાઉ કડી રાણપુર સાસણ જાંબુઘોડા, પાંડુપુરા સહિત પાંચ જગ્યાએ વિદ્યાર્થીઓમાં જ્ઞાન,સંસ્કાર અને સંસ્કૃતિનો સંવર્ધન થાય તે દિશામાં કાર્યક્રમો યોજાઈ ચૂક્યા છે, લોકભારતી સણોસરા દ્વારા તખુભાઈ સાંડસુરની શિક્ષણ પ્રેરક કામગીરી ને પ્રોત્સાહિત કરવા લોકભારતી સણોસરા દ્વારા રૂ ૨૫૦૦૦/ ની ધનરાશિ સાથે સન્માન થયુ તે રોકડ રાશિ માંથી રૂ ૧૧૦૦૦/ ગુજરાતનાં શિક્ષણ ક્ષેત્રે સારી કામગિરી કરતા શિક્ષકો ને શિક્ષણ ફોરમ અવોર્ડ અર્પણ કરાયા હતા.

કાર્યક્રમમા બોડેલી કોલેજના પ્રિન્સિપાલ ડો. હસમુખ કોરાટ, ઘોઘાવદર આનંદ આશ્રમનાં સંત સાહિત્ય ક્ષેત્રે પ્રદાન કરનાર નિરંજન રાજ્યગુરુ, વિશ્વગ્રામ વિદ્યાપીઠ નાં નિયામક અનિલ કાવાણી સહિત શિક્ષણ પ્રેમિ વિદ્વાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા બાઉદીન કોલેજના પ્રાધ્યાપક ડો. ભાવનાબેન હુંમરે સહયોગ પૂરો પાડ્યો હતો. કાર્યક્રમને અંતે ભરત જોષી એ આભારદર્શન કર્યું હતું

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# પ્રદૂષણ પર સખ્તાઈ

વાયુ પ્રદૂષણમાં પરાળ બાળવાથી નીકળતા ધૂમાડાની ભૂમિકાને જોતાં કેન્દ્ર સરકારે તેને બાળવા પર બેગણો દંડ કરવાનો જે આદેશ કર્યો તે ત્યારે જ અસર કરશે, જ્યારે રાજ્ય સરકારો પરાળ બાળવાથી રોકવા માટે કમર કસશે. અત્યાર સુધી રાજ્ય સરકારો આ મોરચે બહુ સફળ નથી થઈ શકી અને એટલા માટે જ સુપ્રીમ કોર્ટે હાલના દિવસોમાં તેમની કેટલીય વાર ઝાટકણી કાઢી છે. પરાળ બાળવાથી લોકોને રોકવા જ જોઈએ, એટલા માટે કારણ કે હવે તે પંજાબ, હરિયાણા, રાજસ્થાન, પશ્ચિમી ઉત્તર પ્રદેશની સાથે દેશના અન્ય હિસ્સામાં પણ બાળવામાં આવી રહ્યું છે, પરંતુ તેની સાથે એ પણ સમજવું જોઈએ કે વાયુ પ્રદૂષણનું એકમાત્ર કારણ પરાળ બાળવું એ જ નથી. વાયુ પ્રદૂષણમાં વાહનોના ઉત્સર્જનની પણ એક મોટી ભૂમિકા છે, પરંત તેના માટે કોઈપણ સરકાર દ્વારા કોઈ ઠોસ પ્રયત્ન નથી કરવામાં આવતા કે વાહનોના ઉત્સર્જન પર લગામ લાગે. વાહનોના ઉત્સર્જનનું એક મોટું કારણ છે ટ્રાફિકનું સુગમ ન હોવું. નાનાં-મોટાં શહેરોમાં ટ્રાફક જામને કારણે વાહન ધીમા ચાલે છે. જ્યારે એવું થાય છે ત્યારે વાહનોમાંથી ક્યાંય વધુ વિષાક્ત ઉત્સર્જન થાય છે. શહેરોમાં એવાં સ્થાન વધતાં જાય છે, જ્યાં સડકો પર દબાણ અને અવ્યવસ્થિત ટ્રાફિકને કારણે વાહન બહુ જ ધીમી ગતિથી ચાલવા મજબૂર હોય છે. હવે તો સ્થિતિ એ છે કે શહેરી વિસ્તારોમાંથી પસાર થનારા રાજમાર્ગો પર પણ ટ્રાફિક ખૂબ જ જામ રહેવા લાગ્યો છે. તેનાથી સરકારો અને તેમની એજન્સીઓ પણ અજાણ નથી, પરંતુ લાગે છે કે સુગમ ટ્રાફિક કોઈના એજન્ડામાં છે જ નહીં.

એક આંકડા અનુસાર દિલ્હીમાં પ્રદૂષણ સ્થાનિક કારણોસર પણ વધે છે અને તેનું એક મોટું કારણ વાહનોનું ઉત્સર્જન છે. આખરે વાહનોના ઉત્સર્જનને નિયંત્રિત કરવા પર ક્યારે ધ્યાન આપવામાં આવશે? દેશમાં એવાં શહેરોની સંખ્યા વધતી જાય છે, જેની ગણતરી દુનિયાના પ્રદૂષિત શહેરોમાં થવા લાગી છે. જો સરકારો અને તેમની એજન્સીઓ પ્રદૂષણની ગંભીર થતી સ્થિતિથી વાસ્તવમાં ચિંતિત હોય તો પછી તેમણે એ તમામ કારણોનું નિવારણ એક સાથે કરવું જોઈએ, જેનાથી વાયુમંડળ ઝેરી થાય છે. તેમણે પરાળ બાળવાથી રોકવા અને વાહનોના ઉત્સર્જન પર લગામ લગાવવાના ઠોસ ઉપાય કરવાની સાથે જ એના પર પણ ધ્યાન આપવું પડશે કે સડકો અને નિર્માણ સ્થળોથી ધૂળ ન ઊડે. અત્યારે તો તેની કોઈ પરવા નથી કરવામાં આવતી. એ પણ બધા જાણે છે કે કચરો બાળવાથી રોકવાના ઉપાય પણ માત્ર કાગળિયે જ સીમિત રહે છે. લોકોને આ રીતે કોઈ પ્રકારની કાર્યવાહીનો કોઈ ભય નથી રહ્યો, તેથી તેઓ પણ પ્રદૂષણ પ્રતિરોધી ઉપાયોનું પાલન નથી કરતા. આ સ્થિતિ ત્યારે છે, જ્યારે દરેક જણ એનાથી પરિચિત છે કે વાયુ પ્રદૂષણ માનવ સ્વાસ્થ્ય માટે બેહદ ઘાતક સાબિત થઈ રહ્યું છે.

### ખાલિસ્તાનીઓ કેનેડિયન નાગરિકોને પણ નિયંત્રિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે

# આ અમારો દેશ છે, તમે પાછા જતા રહો: ખાલિસ્તાનીઓ

### એક ન્યૂઝ ચેનલને ટાંકીને ભારતીય સૂત્રોએ કહ્યું છે કે ખાલિસ્તાનીઓ સ્થાનિક કેનેડિયનોને પણ નિયંત્રિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે





સરે, તા.૧૬

ભારત અને કેનેડાના સંબંધોમાં ઝેર ઓક્યા બાદ હવે ખાલિસ્તાનીઓએ કેનેડાના લોકોને નિશાન બનાવવાનું શરૂ કર્યું છે. કેનેડાના રસ્તાઓ પર ‘નગર કીર્તન’નો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં, ખાલિસ્તાન સમર્થકો તમામ હદ વટાવતાં જોવા મળે છે. તેઓ કેનેડાના લોકોને આક્રમણકારો કહી રહ્યા છે અને તેમને ઈંગ્લેન્ડ અને યુરોપ પાછા જવા માટે કહે છે. તેમણે કાઢેલી કૂચ દરમિયાન એક વ્યક્તિને કહેતા સાંભળી શકાય છે કે આ કેનેડા છે. આ અમારો દેશ છે. તમે પાછા જતા રહો. ભારતીય સૂત્રોએ આ ઘટનાને કેનેડામાં અત્યારના દિવસોમાં બની રહેલી સામાન્ય ઘટના ગણાવી છે. તેમણે જણાવ્યું છે કે ખાલિસ્તાનીઓ ધીમે ધીમે દેશની તમામ ચીજો પર કબજો જમાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.એક સ્થાનિક નાગરિકે આ અંગે પોતાની પ્રતિક્રિયા આપતાં લખ્યું છે કે ખાલિસ્તાનીઓ સરેમાં કૂચ કરી રહ્યા છે અને દાવો કરે છે કે અમે જ કેનેડાના માલિક છીએ અને ગોરા લોકોએ યુરોપ અને ઈઝરાયેલ પાછા જતા રહેવું જોઈએ. કેનેડિયન લોકો તેના પર નારાજગી વ્યક્ત કરી રહ્યા છે. અન્ય યુઝરે કહ્યું છે કે હવે તેમને રોકવું અશક્ય છે, સરે વેસ્ટ ખાલિસ્તાન બનશે અને ટૂંક સમયમાં ગુરપતવંત પન્નુ પશ્ચિમ ખાલિસ્તાનનો પીએમ બનશે.એક ન્યૂઝ ચેનલને ટાંકીને ભારતીય સૂત્રોએ કહ્યું છે કે ખાલિસ્તાનીઓ સ્થાનિક કેનેડિયનોને પણ નિયંત્રિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. સુરક્ષા માટે હિંદુઓ પાસેથી પૈસાની માંગ કરવામાં આવી રહી છે અને હવે સ્થાનિક લોકો માટે ખતરો બની ગયા છે. કેનેડાના મંદિરોમાં હિંદુઓ પર હિંસક હુમલાની ઘટનાઓમાં તાજેતરના વધારા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક નિવેદન જારી કરીને ઈરાદાપૂર્વકના હુમલાની નિંદા કરી છે.

ભારતે કેનેડામાં રહીને આતંકી પ્રવૃત્તિ આચરતો અર્શ ડલ્લાના પ્રત્યાર્પણની માગણી કરી છે. તે હત્યા, હત્યાનો પ્રયાસ, ખંડણી અને ત્રાસવાદી ફાઈનાન્સિંગ સહિતના આતંકવાદી કૃત્યોના ૫૦થી વધુ કેસોમાં ઘોષિત ગુનેગાર છે. ભારતે મે ૨૦૨૨માં તેની સામે રેડ કોર્નર નોટિસ ઈશ્યૂ કરી હતી. તેને ૨૦૨૩માં ભારતમાં ડેઝિગ્નેટેડ આતંકવાદી તરીકે જાહેર કરાયો હતો. જુલાઈ ૨૦૨૩માં ભારત સરકારે કેનેડા સરકારને તેની ધરપકડ માટે વિનંતી કરી હતી જેને નકારી કાઢવામાં આવી હતી.

## ૧૫૦૦ કિલો વજન અને ૨૩ કરોડની કિંમતનો પાડો સાચે જ ‘અનમોલ’ છે




### રોજ ૨૫૦ ગ્રામ બદામ, ૪ કિલો દાડમ, ૩૦ કેળા, પાંચ લીટર દૂધ અને ૨૦ પ્રોટીનથી ભરપૂર ઈંડા ખવડાવાય છે

નવી દિલ્હી, તા.૧૬

હરિયાણાનો અનમોલ નામનો પાડો ૧૫ મર્સિડીઝ અને બે રોલ્સ રૉયસ કાર કરતાં મોંઘો છે. ૧૫૦૦ કિલોનો વજનદાર અનમોલ માત્ર ૮ વર્ષનો છે પણ એની કિંમત ૨૩ કરોડ રૂપિયા જેટલી છે. આટલા રૂપિયા હોય તો દોઢ કરોડની કિંમતની ૧૫ મર્સિડીઝ અથવા ૧૨ કરોડની કિંમતની બે રોલ્સ રૉયસ ખરીદી શકાય. પુષ્કરના મેળામાં અને મેરઠના અખિલ ભારતીય કિસાન મેળા જેવા કાર્યક્રમોમાં અનમોલના બહુ મોલ બોલાય છે. જાણકારો એવું કહે છે કે લક્ઝરી કાર કે હાઈ-એન્ડ રિયલ એસ્ટેટની જેટલી ડિમાન્ડ હોય છે એટલી જ ડિમાન્ડ અનમોલના વીર્યની છે. તેને રોજ ૨૫૦ ગ્રામ બદામ, ૪ કિલો દાડમ, ૩૦ કેળાં, પાંચ લીટર દૂધ અને ૨૦ પ્રોટીનથી ભરપૂર ઈંડાં ખવડાવાય છે. એ સિવાય લીલો ચારો, દેશી ઘી, સોયાબીન અને મકાઈ પણ ખવડાવાય છે. આમાં રોજના ૧૫૦૦ રૂપિયાનો ખર્ચ થાય છે. અનમોલને સ્વસ્થ રાખવા માટે બદામ અને સરસવના તેલથી રોજ બે વાર તાન કરાવાય છે. તેના સીમેનની કિંમત પણ ૨૫૦ રૂપિયા છે અને એમાંથી ૩૦૦થી ૯૦૦ બચ્ચાં જન્મી શકે છે. સીમેન વેચીને તેના માલિક ગિલ મહિને ૪થી પાંચ લાખ રૂપિયા રળે છે

## ચેતજો..અમેરીકામાં દર ૧૦માંથી ચાર વ્યક્તિને ગંભીર લીવરની બીમારી




છેલ્લા એક કે બે દાયકામાં વિશ્વભરમાં અનેક પ્રકારના ક્રોનિક રોગોનું જોખમ ઝડપથી વધ્યું છે. મોટી વસ્તી ડાયાબિટીસ અને હૃદયની બિમારીઓથી પ્રભાવિત જોવા મળી રહી છે, આ એક ગંભીર સમસ્યા છે અને લિવર અને કિડનીને લગતી બીમારીઓ પણ આરોગ્ય ક્ષેત્ર પર દબાણ વધારી રહી છે. ફેટી લિવર ડિસીઝ એ એવી જ એક ઝડપથી ઉભરતી સમસ્યા છે જે પુખ્ત વસ્તીને મોટા પ્રમાણમાં અસર કરે છે. આને લગતા તાજેતરના અભ્યાસના ડેટા ચિંતાઓ વધારી રહ્યા છે.

નેચર કોમ્યુનિકેશન્સ મેડિસિન જર્નલમાં પ્રકાશિત થયેલા એક સંશોધનમાં જાણવા મળ્યું છે કે વિશ્વભરમાં ફેટી લિવરના દર્દીઓની સંખ્યા વધી રહી છે. એકલા અમેરિકામાં જ દર ૧૦માંથી ચાર લોકો ફેટી લિવરની સમસ્યાથી પીડાય છે.

# ૨૫ કે પછી ૩૦ વર્ષ... છોકરા અને છોકરી માટે લગ્ન કરવાની સાચી ઉંમર કઈ

### યોગ્ય સમયે લગ્ન કરવાથી આપણને પાર્ટનરને સમજવા અને સંભાળવાની પરિપક્વતા મળી જાય છે



નવી દિલ્હી, તા.૧૬

લગ્ન, જીવનનો એક મહત્વનો ભાગ છે. પણ શું આ ફક્ત પ્રતિબદ્ધતાથી વધારે કંઈ નથી કે પછી બીજું કંઈ સત્ય એ છે કે, લગ્નનું આ બંધન આપણા જીવનની સફરને શાનદાર બનાવી શકે છે. પણ તેના માટે યોગ્ય સમય પર લગ્ન કરવા ખૂબ જ જરૂરી છે. યોગ્ય સમયે લગ્ન કરવાથી આપણને પાર્ટનરને સમજવા અને સંભાળવાની પરિપક્વતા મળી જાય છે. જે લગ્નને સફળ બનાવવામાં મહત્વની ભૂમિકા નિભાવે છે.

જ્યારે આપણે કોઈને પૂરેપૂરું સમજવા માટે પરિપક્વ થઈ જઈએ તો, ત્યારે જ લગ્ન માટે તૈયાર થઈએ છીએ. જો આપ કોઈને સમજ્યા વિના લગ્ન કરી લેશો, તો હંમેશા ઝઘડા અને છૂટાછેડાનો ડર રહેશે. એટલા માટે આ સવાલ થાય છે કે લગ્ન કરવાની સાચી ઉંમર શું હોવી જોઈએ. જોકે આ સવાલનો કોઈ નિશ્ચિત જવાબ નથી, પણ લગ્નની પરિપક્વતા અને જાગળતિ દરેક વ્યકતિમાં ઉંમર અને અનુભવ સાથે બદલાતી હોય છે.

લગ્ન માટે ઉંમરની કોઈ બાધ્યતા નથી. નુપુર થાકેપાલકર, જે સેન્ટર ફોર મેન્ટલ હેલ્થના સંસ્થાપક અને મુખ્ય નૈદાનિક મનોવૈજ્ઞાનિક છે. તેમણે હિન્દુસ્તાન ટાઈમ્સને આપેલા એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે, જ્યારે કોઈ વ્યકતિની વ્યકતિગત જીવનશૈલી અને નાણાકીય સથિતિમાં માનસિક રીતે સુધારો આવે તો તે લગ્ન માટે તૈયાર અનુભવે છે.

જે લોકો પોતાના સાથીને સમજવા માટે પરિપક્વ છે અને તેમની જરૂરિયાતોને પૂરી કરવા માટે ઈચ્છુક છે, તેઓ લગ્ન કરી શકે છે. તેના માટે જરૂરી છે કે, બંને પાસે એકસાથે સુંદર જીવન જીવવા માટે સંતુલિત ટાર્ગેટ હોય. આ ઉપરાંત સ્થિર સમજણ, વ્યકતિગત ટાર્ગેટ, સમાજ સાથે રહેવાની ક્ષમતા, સંકટની સ્થિતિનું નિવારણ લાવવાની ક્ષમતા, ઈમાનદાર કામ અને સંચાર કૌશલ પણ હોવા જોઈએ. આ બધી વાતો કોઈ નિશ્ચિત ઉંમરમાં નથી હોતી. અમુક લોકો ૨૬ વર્ષ પહેલાં પરિપક્વ થઈ જાય છે, તો અમુકની ઉંમર ૩૦ વર્ષથી પણ વધારે થઈ જાય છે.

અમુક કપલ જે ૨૦ની ઉંમરમાં લગ્ન કરે છે, જે તેમના સંચાર કૌશલ્ય ખૂબ જ સારા હોય છે. આ બધું મળીને જીવનનો પાયો બનાવે છે અને જીવનના આગામી તબક્કાનો એકસાથે સામનો કરે છે. જોકે આ ઉંમરમાં તેમના પર ખુદને વિકસિત કરવા અને એક યોગ્ય કરિયર બનાવવાનું પ્રેશર પણ હોય છે. આ કારણે કયારેક કયારેક ટકરાવની સ્થિતિ પણ ઊભી થતી હોય છે. પણ જે કપલ પરિપક્વ હોય છે, આ બધાને સમજીને સફળ થાય છે.

### હિંસાગ્રસ્ત મણિપુરના ૫ જિલ્લાના


# ૬ પોલીસ સ્ટેશન વિસ્તારોમાં ફરી AFSPA લદાયો




મણિપુર, તા.૧૬

વંશિય હિંસાને પગલે કથળતી જતી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને કારણે કેન્દ્ર સરકારે ગુરુવારે મણિપુરના હિંસાગ્રસ્ત જીરીબામ સહિત છ પોલીસ સ્ટેશન વિસ્તારોમાં આર્મ્ડ ફોર્સ સ્પેશિયલ પાવર્સ એક્ટ (AFSPA) ફરીથી લાગુ કર્યો હતો. પોલીસે જીરીબામ અને ચુરાચંદપુર જિલ્લામાંથી શસ્ત્રો અને દારૂગોળો જપ્ત કરાયા હોવાની જાહેરાત કર્યા પછી કેન્દ્ર સરકારે આ અંગેનું નોટિફિકેશન જારી કર્યું હતું. આ ધારા હેઠળ શસ્ત્રદળોને સર્ચ, ધરપકડ અને ફાયરિંગ સહિતની વ્યાપક સત્તાઓ મળે છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે ભારપૂર્વક જણાવ્યું હતું કે વંશિય હિંસાને કારણે સ્થિતિ પ્રવાહી હોવાથી આ નિર્ણય કરાયો હતો. બુધવારે જીરીબામ જિલ્લાના ચંપાનગર, નારાયણપુર અને થાંગબોઈપુંજરે વિસ્તારોમાં કોર્ડન અને સર્ચ ઓપરેશન દરમિયાન, એક 2 ઈંચ મોર્ટાર, છત્રીસ જીવંત બેરલ કારતુસ અને પાંચ ખાલી બેરલ કારતુસ જપ્ત કરાયા હતા. પોલીસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ચુરાચંદપુર જિલ્લાના એચ કોટલિયન ગામમાંથી પણ એક .303 રાઈફલ, એક 9 એમએમ પિસ્તોલ, બે ટૂંકી રેન્જની સ્થાનિક રીતે બનાવેલી તોપ, બે લાંબા અંતરની સ્થાનિક રીતે બનાવેલી તોપ, પાંચ એકે 47 લાઈવ રાઉન્ડ, બે 9 એમએમ લાઈવ રાઉન્ડ, ચાર 12-બોર કાર્ટ કેસ અને અઢાર .303 રાઈફલ મોડિફાઈડ લાઈવ રાઉન્ડ જપ્ત કરવામાં આવ્યા હતાં.AFSPA ફરીથી લાગુ કરવામાં આવ્યો છે તેવા પોલીસ સ્ટેશન એરિયામાં ઈમ્ફાલ પશ્ચિમ જિલ્લાના સેકમાઇ અને લમસાંગ, ઈમ્ફાલ પૂર્વ જિલ્લાના લામલાઇ, જીરીબામ જિલ્લાના જીરીબામ, કાંગપોકપી જિલ્લાના લીમાખોંગ તથા બિષ્ણુપુર જિલ્લાના મોઈરાંગનો સમાવેશ થાય છે. પહેલી ઓક્ટોબરે મણિપુર સરકારે આ છનો સમાવેશ સાથે 19 પોલીસ સ્ટેશન વિસ્તારો સિવાયના સમગ્ર રાજ્યમાં AFSPA લાગુ કર્યો હતો. મણિપુર પોલીસે સોમવારે જણાવ્યું હતું કે અત્યાધુનિક હથિયારોથી સજ્જ ઉગ્રવાદીઓ મણિપુરના જીરીબામ જિલ્લામાં પોલીસ સ્ટેશન અને નજીકના CRPF કેમ્પ પર અંધાધૂંધ ગોળીબાર કર્યા પછી સુરક્ષા દળો સાથેની ભીષણ ગોળીબારમાં 10 શંકાસ્પદ આતંકવાદીઓ માર્યા ગયા હતાં.શંકાસ્પદ ઉગ્રવાદીઓ આ જિલ્લામાંથી મહિલાઓ અને બાળકો સહિત છ નાગરિકોનો અપહ્યુત બનાવ્યા હતા.ગુરુવારે સમગ્ર ઈમ્ફાલ ખીણમાં શાળા અને કોલેજના વિદ્યાર્થીઓએ સંબંધિત શૈક્ષણિક સંસ્થાઓની બહાર માનવ સાંકળો બનાવી અપહરણનો વિરોધ કર્યો હતો.

## ઓલા ઈલેકટ્રીક વાહનો વિરૂધ્ધ ફરિયાદોને પગલે સરકારના તપાસના આદેશો



નવી દિલ્હી, તા. ૧૬

ઓલા ઈલેક્ટ્રિક વિરૂધ્ધ ગ્રાહકો તરફથી મળેલી ફરિયાદોને ધ્યાનમાં રાખીને સરકારે એક મોટું પગલું ભર્યું છે. સેન્ટ્રલ કન્ઝ્યુમર પ્રોટેક્શન ઓથોરિટીએ ઓલા ઈલેક્ટ્રિક દ્વારા ઉત્પાદિત સેવાઓ અને ઈલેક્ટ્રિક ટુ-વ્હીલર્સમાં કથિત ‘ખામીઓ’ સંબંધિત ફરિયાદોની વિગતવાર તપાસ કરવાનો આદેશ આપ્યો છે. ગ્રાહક બાબતોના મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે, કંપનીએ નોટિસનો જવાબ આપ્યો છે. CCPAએ હવે ડાયરેક્ટર જનરલ (તપાસ)ને આ મામલાની વિગતવાર તપાસ કરવા અને ૧૫ દિવસમાં રિપોર્ટ સબમિટ કરવા કહ્યું છે. નેશનલ કન્ઝ્યુમર હેલ્પલાઈન પર ૧૦,૦૦૦થી વધુ ફરિયાદો મળ્યા બાદ CCPA દ્વારા શરૂ કરવામાં આવેલી કાર્યવાહીના પગલે આ પગલું લેવામાં આવ્યું છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

રામ બે વાર નિશાન લગાવતા ન હતા અને ન તો બે વાર બોલતા હતા.

- વાલ્મીકીજી

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા.તીર-૧૩૯૪, મુ. જમાદુલ અવ્વલ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, કારતક વદ-૧, તા.૧૬ નવેમ્બર ૨૦૨૪, શનિવાર, પારસી તા.૪, મુસ્લિમ તા.૧૩, કૃતિકા નક્ષત્ર, પરિઘ યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૭:૦૬, સૂ.અ.૬:૦૫

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: બગડેલા કાર્યો સુધરે, સંતાનથી લાભ થાય.

વૃષભ: માનસિક ચિંતા દૂર થાય, આવકમાં વૃધ્ધિ થાય.

મિથુન: મહત્વની તક સાંપડે, સામાજિક પ્રવૃત્તિમાં વધારો થાય.

કર્ક: વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહેવું, કાર્યક્ષેત્રમાં સફળતા મળે.

સિંહ: સંપત્તિ સંબંધી કાર્યમાં સફળતા, માનસિક તાણ દૂર થાય.

કન્યા: ધાર્યા કાર્યમાં વિલંબ થાય, આર્થિક સમસ્યા હળવી બને.

તુલા: મનની ચંચળતા દૂર થાય, કર્મક્ષેત્રે સફળતા મળે, કાર્યબોઝમાં વધારો થાય.

વૃશ્ચિક: વ્યર્થ દોડા-દોડી રહે, માનસિક પ્રફુલિતતા રહે.

ધન: આર્થિક ચિંતા દૂર થાય, સાહસિક કાર્યોમાં સફળતા મળે.

મકર: આકસ્મીક ધન લાભ થાય.

કુંભ: ગૃહવિવાદ, પુરૂષાર્થનું શુભ ફળ પ્રાપ્ત કરી શકશો.

મીન: પ્રવાસ ટાળવું હિતાવહ, આરોગ્ય બાબતે સંભાળવું.

## વિશ્વના ૧૦૦ સૌથી તાકાતવર ઉદ્યોગપતિઓમાં માત્ર મુકેશ અંબાણી ભારતીય

મુંબઈ તા. ૧૬

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી વિશ્વના ૧૦૦ સૌથી શક્તિશાળી ઉદ્યોગપતિઓમાં સામેલ છે. ’ફોર્ચ્યુન મેગેઝિનના પાવરફુલ બિઝનેસમેન ૨૦૨૪’ની યાદીમાં સામેલ થનાર અંબાણી એકમાત્ર ભારતીય છે. આમાં ભારતીય મૂળના અન્ય છ લોકોનો પણ સમાવેશ થાય છે, જેઓ વિદેશમાં સ્થાયી થયા છે. આ લોકો મોટા ઉદ્યોગોના સ્થાપક, ચીફ એક્ઝિક્યુટિવ અને ઈનોવેટર્સ છે.

ફોર્ચ્યુને હાલમાં જ આ યાદી બહાર પાડી છે. જેમાં અંબાણી ૧૨મા સ્થાને છે. ફોર્બ્સ અનુસાર, અંબાણી એશિયા અને ભારતના સૌથી ધનિક વ્યક્તિ છે, જેમની કુલ સંપત્તિ લગભગ રૂ. ૭.૬ લાખ કરોડ (ઈ૯૮ બિલિયન) છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની માર્કેટ કેપિટલ (માર્કેટ કેપ) ૧૩ નવેમ્બર ૨૦૨૪ના રોજ ૧૬.૯૬ લાખ કરોડ રૂપિયા છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ પેટ્રોકેમિકલ્સ, રિટેલ, મનોરંજન, ટેલિકોમ અને અન્ય ક્ષેત્રોમાં કાર્યરત છે.

## સોમનાથ કાર્તિક પૂર્ણિમા મેળાની મુલાકાત લેતા કલેક્ટર





(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૧૫

ભારત બાર જ્યોર્તિલીંગ પ્રથમ સોમનાથ મહાદેવ કાર્તિક પૂર્ણિમાના પંચદિવસીય મેળાનું આજે રાત્રે સોમનાથ મહાદેવની મહાપૂજા-દિવ્ય આરતી સાથે સમાપન થશે. ગીર-સોમનાથ જીલ્લા કલેક્ટર દિગ્વીજસિંહ જાડેજાએ પગપાળા વિશાળ મેળાનો રાઉન્ડ લઈ ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું. તેવી જ રીતે ગીર-સોમનાથ જીલ્લા પોલીસ વડા મનોહસિંહ જાડેજા મેળામાં સતત ખડેપગે રહ્યા હતા. જીલ્લા કલેક્ટર દિગ્વીજસિંહ જાડેજાએ રાજકોટ મધ્યસ્થ જેઈલના ભજીયા સ્ટોલની મુલાકાત લઈ બંદીજનો દ્વારા બનાવાતા લાકડાના ફર્નીચરો સબંધિત જાણકારી જેલ ઉદ્યોગ નિરીક્ષક ચંન્દ્રકાંત પરમાર પાસેથી મેળવી પ્રંશાસા કરી હતી. મેળામાં સર્વ શાંતિ અને આનંદ પ્રિય પ્રજાજનો અને વહિવટીતંત્ર તથા જીલ્લા પોલીસ તંત્રની સજાગતાના સમન્વય અને આજે સમાપન થશે.

# દેશમાં અસહ્ય મોંઘવારી : કરોડો સામાન્ય નાગરિકોની હાલત કફોડી

અમદાવાદ તા.૧૬

કન્ઝયુમર પ્રાઈઝ ઈન્ડેક્ષ(સીપીઆઈ)એ તાજેતરમાં જાહેર કરેલા મોંઘવારીના તાજા આંકડા ખૂબ ચિંતાજનક છે. દેશમાં છૂટક ફુગાવાનો દર ૧૪ મહિનાની ઊંચી સપાટીએ પહોંચી ગયો છે. ગત ઓકટોબરમાં આ દર ૬.૨૧ ટકાએ પહોંચ્યો છે જે એનાથી અગાઉના સપ્ટેમ્બર મહિનામાં ૫.૪૯ ટકા હતો. દિન પ્રતિદિન આમ આદમી માટે બે છેડાં ભેગા કરવાનું કામ દોહ્યલું થઈ ગયું છે. સરકાર દ્વારા જારી કરાતા ચમકતા આર્થિક આંકડાઓના સમાચાર દરેકને ગમે છે, પરંતુ જો આ ઝગમગાટ વચ્ચે ઘણા લોકોએ જરૂરી ખાદ્યપદાર્થો ઉપર પણ કાપ મૂકવો પડે તો એ વિચારવાની જરૂર છે કે આર્થિક વિકાસના દાવાઓથી કોને લાભ મળી રહ્યો છે જીવન જરૂરી ચીજવસ્તુઓની સાથે ખાદ્ય ચીજવસ્તુઓના વધતા ભાવોએ સામાન્ય લોકોની રોજિંદી જરૂરિયાતો ઉપર ખરાબ અસર કરવાનું શરૂ કરી દીધું હતું. પરંતુ આ દરમ્યાન છેલ્લા કેટલાય મહિનાઓથી શાકભાજીના ભાવ એવા સ્તરે રહ્યા છે કે લોકોને તે પોષાય તેમ નથી. થાળીમાંથી શાકભાજી પણ ગાયબ થવા લાગ્યા છે. મુશ્કેલી માત્ર શાકભાજી પુરતી મર્યાદિત નથી. તેની અસર અન્ય ખાદ્યપદાર્થો ઉપર પણ પડી છે અને શાકાહારી થાળીના ભાવમાં ૨૦ ટકાનો વધારો થતા લોકોએ હવે અનાજ ખરીદતી વખતે પણ વિચારવું પડે છે. હજુ ગત અઠવાડિયે જ જાહેર કરાયેલ એક એજન્સીના તાજેતરના અહેવાલ મુજબ, એક વર્ષ અગાઉના સમાન સમયગાળાની સરખામણીમાં શાકાહારી થાળીના ભાવમાં વીસ ટકાનો વધારો થયો છે એટલે કે એક વર્ષમાં થાળી ૨૦ ટકા મોંઘી થઈ ગઈ છે. હકીકતમાં છેલ્લા ઘણા મહિનાઓથી ઓછી આવક ધરાવતા લોકો માટે સરળતાથી ખાદ્ય ચીજો ખરીદવી મુશ્કેલ હતી. પરંતુ હવે સ્થિતિ એવી બની છે કે લોકો બજારમાં શાકભાજીના ભાવ પૂછે છે અને ખરીદી કર્યા વિના નિરાશ મન સાથે આગળ વધે છે. અહેવાલ મુજબ, ઓકટોબરમાં વાર્ષિક ધોરણે ડુંગળીના ભાવમાં ચાલીસ ટકાનો વધારો થયો હતો, જ્યારે બટાકાના ભાવમાં એકાવન ટકાનો વધારો થયો હતો. એ જ રીતે, ટામેટાના ભાવ એક વર્ષ અગાઉના સમાન ગાળામાં રૂા.૨૯ પ્રતિ કિલોથી વધીને રૂા.૬૪ પ્રતિ કિલો થયા હતા. ટામેટા પણ ૧૦૦ રૂપિયા પ્રતિ કિલો કે તેથી વધુના ભાવે વેચાયા હતા. અન્ય ઘણા લીલાં શાકભાજી પણ સામાન્ય રીતે ૮૦ અથવા ૧૦૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચાય છે. હવે તેમના સતત મોંઘા રહેવાથી દાળના ભાવ ઉપર પણ અસર પડી છે. સત્ય એ છે કે મોંઘવારી લોકો માટે એક દુષ્ટ દુષ્ચક્ર જેવી ગંભીર સમસ્યા બની રહી છે અને જે પરિસ્થિતિઓ અગાઉ થોડા સમય માટેની બજારની વધઘટ તરીકે જોવામાં આવતી હતી તે હવે કાયમી બની રહી છે.



એક જમાનામાં લોકો થોડા સમય માટે બાંધછોડ કરીને મોંઘવારીના પડકારોનો સામનો કરતા હતા. પરંતુ હવે સતત મોંઘવારીને કારણે સંતુલિત આહાર પહોંચની બહાર થઈ રહ્યો છે. એક તરફ રિઝર્વ બેંક મોંઘવારી નિયંત્રણમાં રાખવા માટે કોઈને કોઈ પગલાં લેતી હોવાનું દર્શાવાયું છે, તો બીજી તરફ સરકાર રોજેરોજ લોકોને ઠાલાં આશ્વાસન આપતી રહે છે. વાસ્તવિકતા એ છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં લોકો તેમની આજીવિકાની ચિંતામાં છે અને તેમની સામાન્ય જરૂરિયાતો પણ પૂરી કરી શકતા નથી. મોટા ભાગના લોકોની આવકમાં ઘટાડો અથવા વ્યવસાયમાં મંદીને કારણે તેમની ખરીદ શકિત સતત ઘટતી જઈ રહી છે.

ઘણા કિસ્સાઓમાં, માલની ખરીદીમાં ઘટાડો થવાની અસર હવે દરેક બાબત ઉપર પણ પડી છે. આ દુઃખદ સ્થિતિ છે કે આર્થિક મહાસત્તા બનવાની દિશામાં કદમ ઉઠાવવાનો દાવો કરવા માટે આ પાસાને અવગણવામાં આવી રહ્યો છે કે લોકોએ જીવવા માટે જે ખોરાક ખાઈ રહ્યા છે તેના વિશે કેટલું વિચારવું પડશે. સ્થિતિ એવી છે કે ખાદ્ય ચીજવસ્તુઓના ભાવ નિમ્ન મધ્યમ વર્ગના પરિવારો માટે પણ પહોંચની બહાર થઈ રહ્યા છે આવી સ્થિતિમાં દેશની ગરીબ વસ્તી કેવા પ્રકારના પડકારોનો સામનો કરી રહી છે તે સમજવું બહુ મુશ્કેલ નથી.

# ટ્રમ્પની જીત બાદ અનેક અમેરિકન્સ કેમ પોતાનો દેશ છોડી હિજરત કરી રહ્યાં છે ?



(એજન્સી) તા.૧૬

પ્રતિષ્ઠિત મીડિયા ફોર્બ્સની વાર્તાનું શીર્ષક છે- 'શું તમે અમેરિકા છોડવા માંગો છો? કયા દેશો અમેરિકનોને ખુલ્લા દિલથી આવકારે છે ?' વોશિંગ્ટન પોસ્ટ જેવા પ્રતિષ્ઠિત અમેરિકન અખબારમાં એક વાર્તાનું શીર્ષક છે-'વિદેશ જવાનું સપનું છે ? ૫ દેશોમાં સ્થળાંતર કરવા માટે શું કરવાની જરૂર છે ?' તો સવાલ એ છે કે અમેરિકામાં એવું શું થયું કે અમેરિકન મીડિયાને 'શું તમે અમેરિકા છોડવા માંગો છો ?' છેવટે, શા માટે મોટા અખબારો એવા દેશોની યાદી પ્રકાશિત કરે છે જ્યાં અમેરિકનો માટે સ્થળાંતર કરવું વધુ સારૂં રહેશે ? જે દેશમાં ભારત જેવા દેશોના લોકો ઈમિગ્રેશન કે સ્થાયી થવાના સપના જોતા હોય અને 'ડંકી રૂટ' અપનાવતા અચકાતા ન હોય, તે દેશના નાગરિકોએ સ્થળાંતર કરવાનું શરૂ કર્યું હોય ત્યાં આવી સ્થિતિ કેવી રીતે બની ? અન્ય પ્રતિષ્ઠિત અમેરિકન અખબાર, ન્યુયોર્ક ટાઈમ્સે પૂછ્યું, 'શું ડિજિટલ વિચરતાવાદની નવી લહેર આવી રહી છે ? 'વિદેશ જવાનો રસ વધી રહ્યો છે' નામનો લાંબો અહેવાલ પ્રસિદ્ધ થયો છે. જેમાં લખવામાં આવ્યું છે કે અમેરિકી ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને ડિજિટલ નોમડ વિઝા અને વિદેશ જવા માટે અમેરિકનોની રૂચિ વધી રહી છે. રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પ જીત્યા બાદથી અમેરિકા છોડવાની ચર્ચા વધી છે. અમેરિકાની ચૂંટણીના પરિણામો જાહેર થયા બાદ અને ટ્રમ્પની જીત બાદ નોમડ વિઝામાં પણ વધારો થયો છે. આ વિઝા લોકોને લાંબા સમય સુધી બીજા દેશમાંથી દૂરથી કામ કરવાની મંજૂરી આપે છે. રોગચાળા દરમ્યાન ડિજિટલ વિચરતીવાદમાં વધારો થયો, જ્યારે ઘણા લોકો કાર્યસ્થળ સુધી મર્યાદિત ન હતા અને દૂર-દૂરના સ્થળોએ મુક્તપણે મુસાફરી કરી શકતા હતા અને ત્યાંથી જીવી અને કામ કરી શકતા હતા. જ્યારે બુધવારે સ્પષ્ટ થયું કે ડોનાલ્ડ ટ્રમ્પ રાષ્ટ્રપતિ તરીકે બીજી ટર્મ જીતી ગયા છે, ત્યારે ગૂગલે 'તમે મુલાકાત લઈ શકો છો તે શ્રેષ્ઠ દેશો' અને 'કેનેડાની મુલાકાત કેવી રીતે લેવી' જેવા શબ્દો માટે સર્ચ કરી રહ્યા છે. ધ ન્યૂ યોર્ક ટાઈમ્સે આ અહેવાલ આપ્યો હતો. એવું કહેવામાં આવી રહ્યું છે કે ગૂગલ ઉપર આ એટલા માટે સર્ચ કરવામાં આવી રહ્યું છે કારણ કે અમેરિકનોનો એક વર્ગ જે પોતાને લિબરલ માને છે તે નથી માનતો કે તેઓ ટ્રમ્પના શાસનમાં અમેરિકામાં રહી શકે છે. તેઓ ટ્રમ્પને વિભાજનકારી વ્યક્તિ તરીકે જુએ છે. તમને જણાવી દઈએ કે ટ્રમ્પે ઈમિગ્રેશન ઉપર કડક કાર્યવાહી કરવાનું વચન આપ્યું છે અને તેઓ ગર્ભપાત વિરોધી વલણ ધરાવે છે. જો કે અમેરિકાની બહાર જવા ઈચ્છતા લોકો અંગે કોઈ નક્કર ડેટા નથી, તે ન્યૂયોર્ક ટાઈમ્સ અને યુએસએ ટુડે સહિત ઘણા મીડિયા અહેવાલો અને ઓનલાઈન ચર્ચાઓમાં દેખાય છે. આવો જ ટ્રેન્ડ ૨૦૧૬માં પણ જોવા મળ્યો હતો જ્યારે ટ્રમ્પે હિલેરી ક્લિન્ટનને હરાવીને રાષ્ટ્રપતિ પદ સંભાળ્યું હતું. જસ્ટિન નેપરે જેઓ છેલ્લી ચૂંટણી દરમ્યાન કેલિફોર્નિયાથી પોર્ટુગલ ગયા તેમણે અમેરિકાની વર્તમાન પરિસ્થિતિ વિશે જણાવ્યું કે 'હું કહીશ કે અમારા ઓછામાં ઓછા ૫૦% મિત્રો સ્થળાંતર કરવાનું વિચારી રહ્યા છે, તેમાંના મોટાભાગના લોકો માટે રાજકારણ એક પરિબળ છે. ઘણા ઈમિગ્રન્ટ્સ એવા દેશમાં જવા માંગે છે જે 'તેમના મૂલ્યો સાથે સુસંગત હોય, સાર્વત્રિક આરોગ્ય સંભાળથી લઈને યુનાઈટેડ સ્ટેટ્સના ધ્રુવીકૃત રાજકીય વાતાવરણમાંથી ભાગી જવું.' ટ્રમ્પના પ્રમુખપદે ઘણા લોકોમાં નિરાશા અને નિરાશાની ભાવના પેદા કરી છે જેઓ વિચારે છે કે તેઓ તેમની નીતિઓથી સીધી અસર કરશે. ઈન્ડિયા ટુડેએ અમેરિકન મીડિયાને ટાંકીને અહેવાલ આપ્યો છે કે ડેરડ્રે રોની નામની એક મહિલાએ યુએસ ચૂંટણીના મહિનાઓ પહેલા યુએસએ ટુડેને કહ્યું હતું કે, 'હું તમને પડકાર આપું છું કે મારા જેટલો જ દુઃખી અને ડરી ગયો હોય.' ડીરડ્રે અને તેના પતિએ બેવડી નાગરિકતા મેળવી અને કેરેબિયન દેશ એન્ટિગુઆ અને બાર્બુડામાં રહેવા ગયા.

## ડુંગળીના વધતા જતા ભાવમાં હજુ ઘટાડો નહીં થાય

મુંબઈ, તા.૧૬

છેલ્લા થોડા સમયથી ગૃહિણીઓને રોવડાવતાં ડુંગળીના ભાવ આકાશની સપાટી સુધી પહોંચતા ભાવમાં નજીકના ભવિષ્યમાં કોઈ ઘટાડો થવાની શક્યતા દેખાતી નથી. આઈસીઆઈસીઆઈ બેન્કનો એક અહેવાલ જણાવે છે કે છેલ્લા કેટલાક મહિનાઓથી શાકભાજી, ટામેટાં અને બટાકા બધા ડુંગળીના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. આ મહિનાના પ્રારંભથી દેશની સૌથી મોટી લાસનગાંવ માર્કેટમાં ડુંગળીનો ભાવ પાંચ વર્ષની સૌથી ઊંચી સપાટી ઉપર પહોંચી ગયો હતો. ઓગસ્ટ અને સપ્ટેમ્બરમાં ભારે વરસાદને કારણે પૂરતો પુરવઠો બજારમાં આવ્યો ન હોવાથી શાકભાજીના ભાવમાં પણ ૪૯ ટકા જેવો તોતિંગ વધારો નોંધાયો છે. ગયા મહિને શાકભાજીના ભાવમાં ૪૨ ટકા વધારો થયો હતો પણ આ વખતે ભાવ સપાટી આકાશને આંબી રહી છે. આવી પરિસ્થિતિ ટામેટાંના ભાવમાં પણ છે જેના કારણે અનેક પરિવારોના રસોડાના બજેટ ઉપર બહુ મોટો બોજ આવી ગયો છે અને ડુંગળીના ભાવ તો દરેક ગૃહિણીને રડાવી રહ્યા છે.

# દિલ્હીની હવાની ગુણવત્તા અત્યંત 'ગંભીર' રહેવાસીઓ 'ગૂંગળામણ અનુભવી રહ્યા છે'

## દશ્યતામાં ઘટાડો, આંખોમાં બળતરા અને ગૂંગળામણને કારણે રહેવાસીઓએ સરકારની કાર્યવાહી માટે વિનંતી કરી

નવી દિલ્હી તા.૧૬



દિલ્હીમાં હાલમાં ગંભીર એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) રેકોર્ડ થયો હતો. રાજધાનીની હવાની ગુણવત્તા ભયજનક સ્તરે પહોંચી જતાં દિલ્હી સરકાર પ્રદૂષણ નિયંત્રણના પ્રયાસો વધારી રહી છે. પર્યાવરણ પ્રધાન ગોપાલ રાયે જાહેરાત કરી હતી કે, શહેર કથળતી હવાની ગુણવત્તા માટે ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન (GRAP)ના સ્ટેજ ૨ હેઠળ કડક રીતે પગલાંનો અમલ કરશે. આ ગંભીર પ્રદૂષણ હોવા છતાં રાયે સંકેત આપ્યો કે, GRAP સ્ટેજ ૩ લાદવામાં આવશે નહીં, કારણ કે, આગામી સમયમાં પરિસ્થિતિમાં સુધારો થવાની અપેક્ષા છે. રાયે બગડતી હવાની ગુણવત્તાને શાંત પવન અને ઠંડા તાપમાનના મિશ્રણને જવાબદાર ગણ્યા છે, જે પ્રદૂષકોને વિખેરતા અટકાવે છે. તેમણે નોંધ્યું કે દિલ્હીમાં પ્રદૂષણ સ્થાનિક અને પ્રાદેશિક બંને સ્ત્રોતોથી થાય છે : લગભગ ૩૦% શહેરની અંદરથી અને ૩૪% રાષ્ટ્રીય રાજધાની પ્રદેશ (NCR)માંથી. રાયે ખાતરી આપી હતી કે, સરકાર GRAP 2 હેઠળ વર્તમાન ઝુંબેશ અને પગલાંની સમીક્ષા કરશે જેનો ઉદ્દેશ્ય કટોકટીના સ્તરે પહોંચવાનું ટાળવાનો છે.

**રહેવાસીઓમાં આરોગ્યની ચિંતા વધી રહી છે :**

ઉચ્ચ AQIyu દિલ્હીના રહેવાસીઓમાં વ્યાપક ચિંતા ફેલાવી છે, જેઓ શ્વસન સમસ્યાઓથી લઈને આંખની બળતરા સુધીના સ્વાસ્થ્ય સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. એક સ્થાનિકે જણાવ્યું હતું કે, પ્રદૂષણ રોજિંદા જીવનને અસર કરી રહ્યું છે, જેમાં ઘણાને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી છે અને આંખોમાં બળતરાનો અનુભવ થઈ રહ્યો છે. શાળાના વિદ્યાર્થી રૌનકે તેના ફેફસાં ઉપર સંભવિત લાંબાગાળાની અસરો વિશે ચિંતા કરતા સતત ઉધરસ અંગે વાત કરી હતી. તેમણે સૂચવ્યું હતું કે, CNG-આધારિત વાહનોના વધુ ઉપયોગથી પરિસ્થિતિમાં સુધારો થઈ શકે છે પરંતુ તેઓએ પ્રદૂષણ નિયંત્રણના પ્રયાસોમાં લોકોના સહકારના અભાવ તરફ ધ્યાન દોર્યું હતું. અન્ય એક રહેવાસીએ રસ્તાઓ પર દશ્યતામાં ઘટાડા અંગે કહ્યું કે, રસ્તાઓ પર દશ્યતા ઘટી ગઈ છે. અમારી આંખો બળે છે અને અમને ગૂંગળામણ અનુભવવા લાગી છે. સરકારે કંઈક કરવાની જરૂર છે. દિલ્હીમાં વધતા પ્રદૂષણના સ્તરો વચ્ચે પર્યાવરણ પ્રધાન ગોપાલ રાયે જાહેરાત કરી કે, સરકાર હજુ સુધી ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન (GRAP-III)નો ત્રીજો તબક્કો લાગુ કરશે નહીં. આ નિર્ણય કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટ (CAQM)ની બેઠક બાદ લેવામાં આવ્યો હતો, જેણે પ્રદૂષણની સ્થિતિનું મૂલ્યાંકન કર્યું હતું. રાયે સમજાવ્યું કે આ નિર્ણય હવામાનની આગાહીઓ પર આધારિત છે, જે આગામી દિવસોમાં હવાની ગુણવત્તામાં સુધારો સૂચવે છે. રાયે જણાવ્યું હતું કે, તમામ સંબંધિત વિભાગો પરિસ્થિતિને 'ગંભીર' શ્રેણીમાં વધતી અટકાવવા માટે GRAPII નિયમોનું સખતપણે પાલન કરશે અને ચેતવણી આપી હતી કે, જો પ્રદૂષણ વધુ વણસે તો સરકાર વધુ કડક પગલાં લેશે.

**પ્રદૂષણ નિયંત્રણના પ્રયાસો વચ્ચે સરકારના ઉદ્યોગોને છૂટ :**

દિલ્હીએ પ્રદૂષણ નિયંત્રણોને કડક બનાવ્યા હોવા છતાં કેન્દ્ર સરકારે હવા (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ, ૧૯૮૧ની કલમ ૨૧ હેઠળ પસંદગીના નિયમોમાંથી અમુક ઓછા પ્રદૂષણ ધરાવતા ઉદ્યોગોને મુક્તિ આપી છે. આ મુક્તિ પ્રદૂષણ સૂચકાંક ધરાવતા ઉદ્યોગોને લાગુ પડે છે. સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (CPCB) દ્વારા તાજેતરના નોટિફિકેશન મુજબ મુક્તિ આપવામાં આવેલી કેટેગરીમાં એર કૂલર એસેમ્બલી, સાઈકલ એસેમ્બલી અને રિપેર, બાયો-ફર્ટિલાઈઝર પ્રોડકશન અને મેડિકલ પ્રોડકટ મેન્યુફેક્ચરિંગ વગેરેનો સમાવેશ થાય છે. આ સૂચના અનુસાર પાત્ર ઉદ્યોગોએ તેમના સંબંધિત રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અથવા પ્રદૂષણ નિયંત્રણ સમિતિઓને લેખિતમાં જાણ કરવી આવશ્યક છે.

# ઈઝરાયેલ દ્વારા ગાઝા ઉપર હુમલા ચાલુ રહેતા અનેક લોકોનાં મોત, અન્ય લોકો વિસ્થાપિત થયા

(એજન્સી) તા.૧૬

ગાઝામાં ઈઝરાયેલી હુમલામાં ડઝનબંધ પેલેસ્ટીનીઓ મૃત્યુ પામ્યા છે, જેમાં પ્રદેશના દક્ષિણમાં અલ-માવાસી વિસ્તારમાં એક કાફે ઉપર ડ્રોન હુમલાનો સમાવેશ થાય છે, જેને અગાઉ ઈઝરાયેલી સૈન્ય દ્વારા 'સલામત ઝોન' જાહેર કરવામાં આવ્યો હતો. ઈઝરાયેલી હુમલા અલ-મવાસીમાં વિસ્થાપિત લોકો દ્વારા ઉપયોગમાં લેવાતા કામચલાઉ કાફેટેરિયાને નિશાન બનાવ્યું હતું. નાસેર હોસ્પિટલના અધિકારીઓના જણાવ્યાં અનુસાર, બે બાળકો સહિત ઓછામાં ઓછા ૧૧ લોકો મૃત્યુ પામ્યા છે. જ્યાં ઘાયલોને લઈ જવામાં આવ્યા હતા. ઘટનાસ્થળના વીડિયોમાં લોકો ઘાયલોને રેતીમાં મૂકેલા કોરૂગેટેડ મેટલ શીટથી બનેલા ટેબલ અને ખુરશીઓ તરફ ખેંચતા જોવા મળે છે. અલ જઝીરાના હાની મહમૂદના જણાવ્યાં અનુસાર, ઉત્તારી ગાઝામાં, પેલેસ્ટીનીઓને બીટ હનુનમાં આશ્રયસ્થાનો અને શિબિરોમાંથી ભાગી જવાની ફરજ પડી હતી કારણ કે ઈઝરાયેલી દળોએ આ વિસ્તારમાં આક્રમણ વધારી દીધું હતું. 'ઈઝરાયેલી દળોએ ઈવેક્યુએશન સેન્ટર અને એક શાળાને ઘેરી લીધી છે, જ્યાં સેંકડો પેલેસ્ટીનીઓ રહે છે, અને તેમને દક્ષિણ તરફ ભાગી જવા કહ્યું છે,' તેમણે કહ્યું, ઈઝરાયેલી સૈનિકોએ મહિલાઓને કોઈ પણ પ્રકારની મદદ લેવાની મંજૂરી આપ્યા વિના દક્ષિણ તરફ ભાગી જવાનો આદેશ આપ્યો. શાળામાંથી બહાર આવતાની સાથે જ તેને ડરાવવા માટે ઈઝરાયેલના ક્વોડકોપ્ટર ડ્રોન દ્વારા તેને નિશાન બનાવવામાં આવ્યું હતું.' ઈઝરાયેલી દળોએ આ વિસ્તારમાં રાતોરાત બોમ્બમારો કર્યા બાદ લોકોને સ્થળાંતર કરવામાં આવ્યા હતા. સોહેર અબુ ઔડા, જેમને બીટ હનુનમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા, તેમણે જણાવ્યું હતું કે ઈઝરાયલી દળોએ 'બીટ હનુનમાં આખી રાત હત્યાઓ ચાલુ રાખી હતી, જે થોડીક ઈમારતો રહી હતી તેના પર બોમ્બમારો કર્યો હતો'. 'અમે મૃતકોને દફનાવી પણ શક્યા નથી,' અબુ ઔડાએ કહ્યું, 'ઘણા મૃતદેહો હજુ પણ કાટમાળ નીચે દટાયેલા છે. ઈઝરાયેલના યુદ્ધ વિમાનો, ક્વોડકોપ્ટર અને આર્ટિલરી આખી રાત અમારા ઉપર બોમ્બમારો કરતી રહી. સ્નાઈપર્સ પણ તૈનાત કરવામાં આવ્યા અને નાગરિકોને મારવા લાગ્યા.' દક્ષિણના શહેર ખાન યુનુસમાં વાહનો ઉપર ઈઝરાયેલના હવાઈ હુમલામાં ૧૧ લોકો મૃત્યુ પામયા, નાસેર હોસ્પિટલના જણાવ્યાં અનુસાર, ગાઝાના કેન્દ્રમાં નુસરત શરણાર્થી શિબિરમાં મંગળવારે સવારે એક અન્ય હુમલો થયો હતો, જેમાં અલ-અવદા હોસ્પિટલના જણાવ્યાં અનુસાર, એક મહિલા સહિત ત્રણ લોકો માર્યા ગયા હતા. આ હુમલાઓ ઉપર ઈઝરાયેલી સૈન્ય તરફથી તાત્કાલિક કોઈ ટિપ્પણી કરવામાં આવી નથી. પેલેસ્ટીની આરોગ્ય અધિકારીઓના જણાવ્યાં અનુસાર, ૭ ઓકટોબર, ૨૦૨૩થી ગાઝા પર ઈઝરાયેલી સૈન્ય હુમલામાં ઓછામાં ઓછા ૪૩,૬૬૫ લોકો મૃત્યુ પામ્યા છે અને ૧૦૩,૦૭૬ ઘાયલ થયા છે.

# કોરોના દરમ્યાન મદદ કરવા બદલ ડોમિનિકા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સર્વોચ્ચ રાષ્ટ્રીય સન્માનથી નવાજશે

(એજન્સી) તા.૧૬

કોરોનાકાળનો સમયગાળો ભારત સહિત વિશ્વભરના લોકો માટે સૌથી ભયાનક હતો. તે વખતે અનેક લોકોનાં મોત થયા હતા, તો ઘણા દેશોના અર્થતંત્ર પડી ભાગ્યા હતા. આ દરમ્યાન ભારતના અર્થતંત્રને પણ ફટકો પડ્યો હતો, જો કે, તેમ છતાં ભારતે તમામ જરૂરિયાતમંદ લોકોની મદદ કરવા માટે હાથ લંબાવ્યો હતો. કેન્દ્ર સરકારે અમેરિકા સહિત ૧૫૦ દેશોની મદદ કરી દવાઓનો જથ્થો મોકલ્યો હતો, જેની વિશ્વભરે નોંધ લીધી હતી, ત્યારે ડોમિનિકા દેશ આ મદદ બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સર્વોચ્ચ રાષ્ટ્રીય સન્માન આપવાની છે. ડોમિનિકા સરકારે કહ્યું છે કે, ડોમિનિકા રાષ્ટ્રમંડળ આ મહિને વડાપ્રધાન મોદીનું સર્વોચ્ચ રાષ્ટ્રીય પુરસ્કાર 'ડોમિનિકા એવોર્ડ ઓફ ઓનર'થી સન્માન કરશે. કોવિડ-૧૯ મહામારી તેમજ બંને દેશોની ભાગીદારી મજબૂત કરવામાં વડાપ્રધાન મોદીના યોગદાન અને સમર્પણ બદલ આ પુરસ્કાર આપવામાં આવી રહ્યો છે. ડોમિનિકા વડાપ્રધાન કાર્યાલયના સત્તાવાર નિવેદન મુજબ ડોમિનિકા રાષ્ટ્રમંડળના અધ્યક્ષ સિલ્વેની બર્ટન ૧૯થી ૨૧ નવેમ્બર સુધી ગુયાનાના જોર્જટાઉનમાં યોજાનાર ભારત-કૈરિકોમ શિખર સંમેલનમાં ભાગ લેવાના છે. આ દરમ્યાન તેઓ વડાપ્રધાન મોદીને પુરસ્કાર અર્પણ કરશે. નિવેદનમાં એમ પણ કહેવાયું છે કે, પીએમ મોદીએ ડોમિનિકાને ફેબ્રુઆરી ૨૦૨૧માં એસ્ટ્રાજેનેકા કોવિડ-૧૯ની ૭૦,૦૦૦ વેક્સિનનો જથ્થો પૂરો પાડ્યો હતો, જે એક ઉદાર ભેટ હતી. તેમની આ મદદના કારણે ડોમિનિકા પોતાના કેરેબિયાઈ પડોશીઓનું સમર્થન મેળવવામાં સક્ષમ બન્યું છે. ડોમિનિકાના વડાપ્રધાન રૂઝવેલ્ટ સ્કેરિટ (Roosevelt Skerrit)ને ટાંકીને નિવેદનમાં કહેવાયું છે કે, 'આ એવોર્ડ ડોમિનિકા સાથે વડાપ્રધાન મોદીની એકતા દર્શાવે છે. તેઓ ડોમિનિકાના સાચા મિત્ર છે.

# રાજ્યમાં પોલીસ ભરતીની શારીરિક કસોટીની તારીખમાં કરાયો ફેરફાર

ગાંધીનગર, તા. ૧૬

પોલીસ ભરતીની તૈયારી કરનાર ઉમેદવારો માટે મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. રાજ્ય સરકાર દ્વારા પોલીસ ભરતીની શારીરિક પરીક્ષાની તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો છે. પહેલાં ૨૫ નવેમ્બરના દિવસે પોલીસ ભરતી માટેની શારીરિક પરીક્ષા યોજાવાની હતી. જોકે, હવે આ પરીક્ષા નવેમ્બરના બદલે ડિસેમ્બરમાં યોજવામાં આવશે. સરકાર દ્વારા પોલીસ ભરતીની તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો છે. પહેલા આ શારિરિક પરીક્ષા ૨૫ નવેમ્બરના રોજ યોજાવાની જાહેરાત કરવામાં આવી હતી ત્યારે હવે ડિસેમ્બર માસમાં પરીક્ષાનું આયોજન કરવાનું જાહેર કરાયું છે. ગૌણ સેવા પસંદગી મંડળના હસમુખ પટેલે ચેરમેન પદેથી રાજીનામું આપતા ભરતી પ્રક્રિયાને અસર થઈ હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે. પોલીસ ભરતીની શારીરિક પરીક્ષા ડિસેમ્બરમાં લેવામાં આવતા ઉમેદવારને વધારાનો સમય મળી શકે છે. હાલ આ પરિક્ષાને લઈ ઉમેદવારો છેલ્લા ૬-૪ મહિનાથી પરીક્ષાની તૈયારીઓ કરી રહ્યા છે. ત્યારે શારિરીક પરીક્ષામાં વાપરવામાં આવતી ચિપ પણ હજુ આવી ન હોવાથી પરીક્ષાનો સમય લંબાયો છે. દરમ્યાન હવે ૧૦ થી ૧૫ ડિસેમ્બરની વચ્ચે કોન્સ્ટેબલ, PSI અને PI ભરતી માટેની શારીરિક પરીક્ષા લેવામાં આવે તેવી શકયતા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, પોલીસ ભરતી માટેની શારીરિક પરીક્ષાના આયોજનને લઈને હજુ સુધી સત્તાવાર રીતે કોઈ નક્કી તારીખ જાહેર કરવામાં આવી નથી.

# ભારતમાંથી Solar PV મોડ્યુલની નિકાસ બે વર્ષમાં ૨૩ ગણી વધી




નવી દિલ્હી તા.૧૬

ભારત સૌર ઊર્જાના ક્ષેત્રમાં ઝડપથી આગળ વધી રહ્યું છે. પુનઃપ્રાપ્ય ઊર્જાના ઉત્પાદનમાં વધારો કરવા સાથે, ભારત તે ક્ષેત્ર માટે સાધનોના ઉત્પાદનમાં પણ ઉત્કૃષ્ટ છે. છેલ્લા બે વર્ષમાં ભારતમાંથી સોલાર પીવી મોડ્યુલની નિકાસમાં નોંધપાત્ર વધારો થયો છે. નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ થી ૨૦૨૩-૨૪ સુધી ફોટો વોલ્ટેઈક સેલની નિકાસ ૨૩ ગણી વધી છે. અગાઉ ભારત માટે જરૂરી સોલાર મોડ્યુલની આયાત કરવામાં આવતી હતી. હવે તે ચોખ્ખી નિકાસકાર છે. ઈન્સ્ટિટ્યૂટ ફોર એનર્જી ઈકોનોમિક્સ એન્ડ ફાઈનાન્શિયલ એનાલિસિસના તાજેતરના અહેવાલ મુજબ, નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં $2 બિલિયનના PV મોડ્યુલની નિકાસ કરવામાં આવી છે. તેમાંથી મોટાભાગની અમેરિકન માર્કેટમાં નિકાસ કરવામાં આવે છે. ભારતીયૅફ મોડ્યુલની નિકાસમાં અમેરિકાનો હિસ્સો ૧૦% છે. આ ૯૭ છે. વેરી એનર્જી, અદાણી સોલર અને વિક્રમ સોલર સૌથી વધુ નિકાસકારો છે.

પશ્ચિમી દેશો ખાસ કરીને અમેરિકાએ ચીનને વૈકલ્પિક બજારોને પ્રાધાન્ય આપવાનું શરૂ કર્યું છે. ભારતીય સોલાર કંપનીઓ આનો ફાયદો ઉઠાવી રહી છે. લોજિસ્ટિક્સ (સ્ટોરેજ અને ટ્રાન્સપોર્ટેશન સિસ્ટમ્સ)ના ખર્ચ ઊંચા હોવા છતાં, પીવી મોડ્યુલની નિકાસ ઊંચા નફાના માર્જિન આપે છે. દરમિયાન, ભારતમાં સોલાર પેનલ્સની સ્થાનિક માંગમાં નોંધપાત્ર વધારો થયો છે. ૨૦૩૦ રિન્યુએબલ એનર્જી ટાર્ગેટને પહોંચી વળવા માટે ભારતને શક્ય તેટલા સોલર પીવી મોડ્યુલોની જરૂર છે. જેના કારણે સોલાર પેનલ બનાવતી કંપનીઓ મુશ્કેલીમાં મુકાઈ ગઈ છે. જળવાયુ પરિવર્તનનો સામનો કરવા માટે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા નિર્ધારિત લક્ષ્યોને પૂર્ણ કરવા માટે ભારત અનેક પગલાં લઈ રહ્યું છે. તેના ભાગરૂપે, ભારતમાં ૨૦૩૦ સુધીમાં ૫૦૦ GW નવીનીકરણીય ઉર્જા અને ગ્રીન એનર્જી ઉત્પાદન ક્ષમતાનું લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યું છે. ઘરો અને ઉદ્યોગોમાં સૌર ઉર્જા અપનાવવા માટે પીએમ સૂર્યગઢ અને પીએમ કુસુમ યોજનાઓ શરૂ કરવામાં આવી છે. આ માટે ઘરેલુ ઉત્પાદિત સોલાર પેનલનો ઉપયોગ કરવો જોઈએ. આમ, તે અનિવાર્ય છે કે ભારતીય સોલાર કંપનીઓ ભારતીય બજાર માટે તેમના મોટાભાગના ઉત્પાદનોને લક્ષ્ય બનાવશે.

# સોલાર એનર્જી કોર્પોરેશન ઓફ ઈન્ડિયાએ રિલાયન્સ પાવરનું ટેન્શન વધારી દીધું



નવીદિલ્હી તા.૧૬

એશિયાના અગ્રણી ઉદ્યોગપતિ મુકેશ અંબાણીના નાના ભાઈ અનિલ અંબાણીની મુશ્કેલીઓ ઓછી થવાના કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. હવે થોડા દિવસો પહેલા જ તેમની કંપની રિલાયન્સ પાવર વિશે સારા સમાચાર આવ્યા હતા પરંતુ સોલાર એનર્જી કોર્પોરેશન ઓફ ઈન્ડિયાએ તેમનું ટેન્શન વધારી દીધું હતું. ખરેખર, SECI એ અનિલ અંબાણીની રિલાયન્સ પાવરને શોકોઝ નોટિસ મોકલી છે. SECIએ નોટિસ જાહેર કરીને પૂછ્યું છે કે શા માટે કંપની સામે ફોજદારી કાર્યવાહી શરૂ ન કરવી જોઈએ. આ નોટિસ એવા સમયે મોકલવામાં આવી છે જ્યારે કંપનીની સબસિડિયરી પર ક્લીન એનર્જી પ્રોજેક્ટની બિડમાં વિદેશી બેંક ગેરંટી સહિતના બનાવટી દસ્તાવેજો સબમિટ કરવાનો આરોપ છે. આ સમાચાર બાદ રિલાયન્સ પાવરના શેરમાં સતત ઘટાડો થઈ રહ્યો છે, જેના કારણે કંપની અને અનિલ અંબાણીને ભારે નુકસાન થઈ રહ્યું છે. SECIએ નોટિસમાં શું કહ્યું?- સુત્રો દ્વારા જણાવ્યા અનુસાર, SECIએ નોટિસમાં ભારપૂર્વક જણાવ્યું છે કે ટેન્ડર પ્રક્રિયાને નબળી બનાવવા અને નકલી દસ્તાવેજો વારંવાર સબમિટ કરીને અયોગ્ય લાભ મેળવવાનો ઈરાદાપૂર્વક પ્રયાસ કરવામાં આવ્યો હતો. જોકે, રિલાયન્સ પાવરે આ અંગે કોઈ પ્રતિક્રિયા આપી નથી. બનાવટી દસ્તાવેજોના કિસ્સામાં, રિલાયન્સ પાવર અને તેની પેટાકંપની રિલાયન્સ NU BESS લિમિટેડને SECI ટેન્ડરમાં ભાગ લેવા માટે ૩ વર્ષ માટે પ્રતિબંધિત કરવામાં આવ્યો છે. આ મામલો SECI દ્વારા હાથ ધરવામાં આવેલી સ્પર્ધાત્મક બિડિંગ હેઠળ ૧,૦૦૦ MW/ ૨,૦૦૦ MWh સિંગલ બેઝ BESS પ્રોજેક્ટ્સ સ્થાપવા માટે જાહેર કરાયેલ પસંદગી માટેની વિનંતી થી સંબંધિત છે. ઈ-રિવર્સ ઓકશન બાદ ગેરરીતિઓ જણાઈ આવતાં SECI ને ટેન્ડર પ્રક્રિયા રદ કરવાની ફરજ પડી હતી. ત્રિમાસિક પરિણામોમાં સારા સમાચાર મળ્યા- ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના બીજા ક્વાર્ટરમાં રિલાયન્સ પાવરનો નફો ૨,૮૭૮.૧૫ કરોડ રૂપિયા હતો. ગયા વર્ષે ૨૦૨૩-૨૪ના બીજા ક્વાર્ટરમાં કંપનીને રૂ. ૨૩૭.૭૬ કરોડનું નુકસાન થયું હતું. ક્વાર્ટરમાં કંપનીની કુલ આવક ઘટીને રૂ. ૧,૯૬૨.૭૭ કરોડ થઈ છે, જે એક વર્ષ અગાઉના સમાન સમયગાળામાં રૂ. ૨,૧૧૬.૩૭ કરોડ હતી.

# ઈસ્લામ પર કામ કરનાર પ્રોફેસર કોણ છે?.. તેમને આઈટી કંપનીએ એવોર્ડ આપ્યો.. જાણો



નવી દિલ્હી તા.૧૬

ભારતની સૌથી મોટી આઈટી કંપની ઈન્ફોસિસ દર વર્ષે ઈકોનોમિક્સ, એન્જિનિયરિંગ, કોમ્પ્યુટર સાયન્સ, હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સ, લાઈફ સાયન્સ, મેથેમેટિકલ સાયન્સ અને ફિઝિકલ સાયન્સમાં એવોર્ડ આપે છે. આ વર્ષે પણ ઈન્ફોસિસ સાયન્સ ફાઉન્ડેશને ગુરુવારે ૬ સંશોધકોને એવોર્ડથી સન્માનિત કર્યા હતા. ફાઉન્ડેશને તમામ વિજેતાઓને ગોલ્ડ મેડલ આપી સન્માનિત કર્યા અને ઈનામો પણ આપ્યા. સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના અર્થશાસ્ત્રના પ્રોફેસર અરુણ ચંદ્રશેખરનું સન્માન કરવામાં આવ્યું હતું. સ્કૂલ ઓફ કોમ્પ્યુટર સાયન્સ એન્ડ એન્જિનિયરિંગના પ્રોફેસર શ્યામ ગોલાકોટાનું સન્માન કરવામાં આવ્યું હતું. પુણેના એસોસિયેટ પ્રોફેસર સિદ્ધેશ કામતને લાઈફ સાયન્સમાં એવોર્ડ મળ્યો હતો. પ્રોફેસર નીના ગુપ્તાને ગણિત વિજ્ઞાનમાં અને વેદિકા ખેમાણીનું ભૌતિક વિજ્ઞાનમાં સન્માન કરવામાં આવ્યું હતું. આ યાદીમાં પ્રોફેસર મહમૂદ કુરિયાનું નામ પણ નોંધાયેલું છે. પ્રોફેસર કુરિયાને માનવતા અને સામાજિક વિજ્ઞાન ક્ષેત્રે એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા. માત્ર ૩૬ વર્ષની ઉંમરે તેણે ઈસ્લામમાં એવું કામ કર્યું છે, એવા પુસ્તકો લખ્યા છે કે આ સમયે આખા દેશની નજર તેમના પર છે.

મહમૂદ કુરિયા એડિનબર્ગ યુનિવર્સિટીમાં પ્રોફેસર છે. પ્રોફેસરે મેરીટાઈમ ઈસ્લામ પર સંશોધન કર્યું છે. પ્રોફેસરે તેમના સંશોધનમાં પૂર્વ આફ્રિકાથી મધ્ય પૂર્વ, દક્ષિણ એશિયા, ઈન્ડોનેશિયા, મલેશિયા, નેધરલેન્ડ, ગ્રેટ બ્રિટન, જર્મની સુધી ઈસ્લામિક મેરીટાઈમ પર સંશોધન કર્યું હતું. તેમણે હિંદ મહાસાગરમાં શફી ઈસ્લામનો ઈતિહાસ અને સંસ્કૃતિ સૌની સમક્ષ રજૂ કરી. પ્રોફેસરે તેમના સંશોધનમાં કેરળ પર વિશેષ ધ્યાન આપ્યું છે. પ્રોફેસર કુરિયાએ ઘણા પુસ્તકો પણ લખ્યા છે. તેમના પુસ્તકોમાં, ઈસ્લામિક લૉ ઈન સર્ક્યુલેશનઃ શફી'ઈ ટેક્સ્ટ્સ એક્રોસ ધ ઈન્ડિયન ઓશન એન્ડ મેડિટેરેનિયન (૨૦૨૨) સમગ્ર વિશ્વ સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું. તેમના આ પુસ્તકમાં, અમને કેરળના તમામ મુખ્ય લેખકો અને ગ્રંથોની સંપૂર્ણ માહિતી (પ્રોસોપોગ્રાફી) મળે છે. આની અંદર તેમના જીવન અને કારકિર્દી વિશેની માહિતી ઉપલબ્ધ છે. આ પુસ્તક અરબી અને મલયાલમ ભાષામાં લખાયેલું છે. મહમૂદ કુરિયાએ વધુ એક રેકોર્ડ બનાવ્યો છે. તેઓ કેરળના પ્રથમ ઈતિહાસકાર છે જેમણે મેરીટાઈમ ઈસ્લામ પર ઊંડાણપૂર્વક સંશોધન કર્યું હતું. પ્રોફેસર મહમૂદ કુરિયા એ હિંદ મહાસાગર ઈસ્લામ અથવા મેરીટાઈમ ઈસ્લામના વિશ્વના અગ્રણી વિદ્વાનોમાંના એક છે અને તેમને અરબી અને મલયાલમ ભાષાનું ખૂબ જ સારું જ્ઞાન છે અને તેમને આ ભાષાઓના નિષ્ણાત કહેવું ખોટું નથી. પ્રોફેસર કુરિયાએ દારુલ હુદા ઈસ્લામિક એકેડમી અને કાલિકટ યુનિવર્સિટીમાંથી ઈતિહાસ અને ઈસ્લામિક સ્ટડીઝમાં બીએ કર્યું છે. તેમણે જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી, દિલ્હીમાંથી પ્રાચીન ઈતિહાસમાં M.A અને M. Phil. કર્યું છે. તેણે વર્ષ ૨૦૧૬માં લીડેન યુનિવર્સિટીમાંથી ગ્લોબલ હિસ્ટ્રીમાં PHD પણ કર્યું હતું.

# કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડો વિશે એક પૂર્વ ભારતીય રાજદ્વારીએ ચોંકાવનારો દાવો કર્યો

ટોરેન્ટો તા.૧૬

ખાલિસ્તાની હરદીપ સિંહ નિજ્જરની હત્યા માટે ભારત પર વાહિયાત આરોપો લગાવનાર કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડો વિશે એક પૂર્વ ભારતીય રાજદ્વારીએ ચોંકાવનારો દાવો કર્યો છે. ટ્રૂડો જી-૨૦ સંમેલન માટે નવી દિલ્હી આવ્યા હતા. જ્યારે તમામ મહેમાનો કોન્ફરન્સ બાદ પોતપોતાના દેશોમાં પરત ફર્યા હતા, ત્યારે ટ્રૂડોએ પ્લેનમાં ખામીને કારણે ભારતમાં જ રોકાવું પડ્યું હતું. ટ્રૂડોના આરોપો બાદ ભારત અને કેનેડા વચ્ચે ભારે તંગદિલી સર્જાઈ છે. ભારત સરકારે ગયા અઠવાડિયે ટ્રૂડો દ્વારા ભારત પર લગાવેલા આરોપોને ફગાવ્યાં હતા. આર્મેનિયા, પોલેન્ડ, જ્યોર્જિયા અને આવા ઘણા દેશોમાં ભારતના રાજદૂત તરીકે તૈનાત દીપક વોહરાએ ટ્રૂડો વિશે ઘણા સનસનાટીભર્યા દાવા કર્યા છે.

તેમણે કહ્યું કે તાજેતરમાં જ્યારે ટ્રૂડો જી-૨૦ માટે ભારત આવ્યા હતા ત્યારે એરપોર્ટ પર સ્નિફર ડોગ્સે ટ્રૂડોના પ્લેનમાં કોકેન શોધી કાઢ્યું હતું. ત્યારથી, આટલી હાઈ-પ્રોફાઈલ ઈવેન્ટ, ૨૨૦ સમયે ટ્રૂડોની સ્થિતિ ખરેખર સારી ન હતી કે કેમ તે અંગે ચર્ચાઓ શરૂ થઈ હતી. ટ્રૂડોએ જી૨૦ બાદ રાજ્યના વડાઓનું સન્માન કરવા માટે આયોજિત ડિનરમાં પણ હાજરી આપી ન હતી. ઘણા લોકો હવે દીપક વોહરાના નિવેદનને આ સાથે જોડી રહ્યા છે.

ટ્રૂડો સામેના આક્ષેપોએ આંતરરાષ્ટ્રીય સમિટમાં વિશ્વના નેતાઓના વર્તન અને રાજદ્વારી સંબંધો પરની અસર વિશે ચર્ચા જગાવી છે.

થોડા દિવસો પહેલા ટ્રૂડોના વિમાનમાં આ પ્રકારે ડ્ર્ગ્સ હોવાના અહેવાલો આવ્યા હતા પરંતુ તેની પુષ્ટિ થઈ શકી નથી. હવે ઘણા કેનેડા સરકાર તરફથી સત્તાવાર પ્રતિસાદ અને ભૂતપૂર્વ રાજદ્વારી દ્વારા કરવામાં આવેલા આરોપો અંગે સ્પષ્ટતાની રાહ જોઈ રહ્યા છે.

# પપ્પુ યાદવને ધમકી આપવાનો મામલો નકલી નીકળ્યો, અન્ય કોઈને ફસાવી દેવાનું કાવતરું ઘડવામાં આવ્યું

પૂર્ણિયા તા.૧૬

બિહારના પૂર્ણિયાના સાંસદ પપ્પુ યાદવના નિવાસસ્થાન અર્જુન ભવનને ઉડાવી દેવાના કેસમાં પોલીસે મોટો ખુલાસો કર્યો છે. પૂર્ણિયા પોલીસે ધમકીભર્યો પત્ર મોકલનાર વ્યક્તિની પૂછપરછ કરી હતી, જેમાં તે નકલી હોવાનું બહાર આવ્યું હતું. પોલીસનું કહેવું છે કે, સુપૌલના રહેવાસી કુંદન કુમારને ફસાવવા માટે આ ધમકીભર્યો પત્ર સાંસદ પપ્પુ યાદવને તેમના નામે મોકલવામાં આવ્યો હતો. પત્ર મોકલનાર એટલો હોંશિયાર હતો કે તેણે કોમ્પ્યુટરમાંથી નામ અને પત્ર પ્રિન્ટ કરીને પરબીડિયામાં ચોંટાડી દીધો. આ ઉપરાંત પત્રને કોમ્પ્યુટર પર પણ ટાઈપ કરવામાં આવ્યો હતો જેથી હસ્તલેખન પરથી તેની ઓળખ ન થઈ શકે. પૂર્ણિયાના એસપીએ કહ્યું કે પોલીસ પપ્પુ યાદવ તરફથી મળેલી તમામ ધમકીઓને ગંભીરતાથી લઈ રહી છે. તેમજ મામલાની તપાસ માટે અલગ અલગ ટીમો બનાવવામાં આવી છે. તેમણે કહ્યું કે કુરિયર દ્વારા અર્જુન ભવનને ઉડાવી દેવાનો મામલો નકલી હોવાનું અને કોઈએ યુવકના નામનો દુરુપયોગ કર્યો હોવાનું જાણવા મળ્યું છે. જો કે પત્ર કોણે મોકલ્યો તેની તપાસ ચાલુ છે. ધમકીભર્યો પત્ર મોકલવાના મામલે પોલીસ હવે કુરિયરની પૂછપરછ કરી રહી છે કે આ પત્ર પોસ્ટ કરવા કોણ આવ્યું હતું. આ ઉપરાંત કુરિયરની આસપાસ લગાવેલા સીસીટીવી ફૂટેજની પણ તપાસ કરવામાં આવી રહી છે જેથી ધમકી આપનાર વ્યક્તિને શોધી શકાય. ધમકી આપનાર વ્યક્તિ એટલો ચાલાક હતો કે તેણે પત્રમાં લખેલા તમામ મોબાઈલ નંબર પત્રમાં ઉલ્લેખિત યુવકના છે.

પત્રમાં લખ્યું હતું કે, "હું કુંદન કુમાર, પિતા – સ્વ. હું બિનોદ રામ, માતા- રાબિયા દેવી, ગામ- કામત કિશુનગંજ, પોસ્ટ- મોહમ્મદગંજ, પોલીસ સ્ટેશન- છતાપુર, જિલ્લો- સુપૌલનો કાયમી રહેવાસી છું. હું કહું છું કે તમે પપ્પુ યાદવ, તમે પૂર્ણિયાના સાંસદ છો તો સાંસદ જ રહો. મારો મિત્ર લોરેન્સ વિશ્નોઈ તમને સાબરમતી જેલમાંથી ફોન કરે છે, તમે ફોન કેમ ઉપાડતા નથી? અમે બધા તમારું સરનામું જાણીએ છીએ. તમારું ઘર અર્જુન ભવન, પૂર્ણિયામાં છે. તમારું કાઉન્ટડાઉન આજથી શરૂ થઈ ગયું છે. તમારું ઘર ૧૫ દિવસમાં ઉડાવી દેવામાં આવશે. જ્યારે તમારે મારો સંપર્ક કરવાની જરૂર હોય, ત્યારે મારા નંબર ૬૨૦૬૮૨૩૪૬૬ અને ૯૮૧૭૫૬૨૬૨૭ છે." આ ધમકીભર્યો પત્ર અર્જુન ભવનમાં ઓફિસના કર્મચારીએ ખોલ્યો હતો અને પછી સાંસદ પપ્પુ યાદવને તેની જાણ કરી હતી. ઝારખંડમાં રહેલા પપ્પુ યાદવે આ અંગે પૂર્ણિયા એસપી સાથે વાત કરી હતી. પપ્પુ યાદવ પર ધમકી આપવાના અત્યાર સુધીમાં કુલ ૬ કેસ નોંધાયા છે. પૂર્ણિયાના એસપી કાર્તિકેય શર્માએ જણાવ્યું હતું કે કોઈ પણ કિસ્સામાં લોરેન્સ વિશ્નોઈ ગેંગ સાથે કોઈ કનેક્શન મળ્યું નથી. આ પહેલા મહેશ પાંડેની પણ દિલ્હીથી ધરપકડ કરવામાં આવી હતી, તેને પણ રિમાન્ડ પર લઈ પૂછપરછ કરવામાં આવી હતી, પરંતુ લોરેન્સ ગેંગ સાથે કોઈ કનેક્શન મળ્યું ન હતું. તેણે કહ્યું કે મહેશ પાંડે ભૂતકાળમાં ઘણા સાંસદો અને ધારાસભ્યો સાથે કામ કરી ચૂક્યો છે અને ધમકીઓ દ્વારા પપ્પુ યાદવની નજીક આવવા માંગતો હતો. એસપી કાર્તિકેય શર્માએ એમ પણ કહ્યું કે પૂર્ણિયા પોલીસ સાંસદની સુરક્ષામાં બેદરકારી દાખવવા માંગતી નથી અને તેમને પૂરતી સુરક્ષા પૂરી પાડવામાં આવી છે.

### ભારત માટે ખતરાની ઘંટી

# પાકિસ્તાનમાં પોતાની સેના તૈનાત કરવા માંગે છે ચીન

## ચીન પાકિસ્તાનમાં કામ કરી રહેલા એન્જિનિયરોની સુરક્ષા માટે સિક્યોરિટી ફોર્સ તહેનાત કરવાની તૈયારી કરી રહ્યું છે



ઈસ્લામાબાદ, તા.૧૬

પાકિસ્તાનમાં કામ કરી રહેલા ચીનના લોકો પર સતત હુમલા થઈ રહ્યાં છે. આ દરમિયાન ચર્ચા છે કે ચીન હવે પાકિસ્તાનમાં પોતાની સિક્યોરિટી ફોર્સને તહેનાત કરવા ઈચ્છે છે અને તેની મંજૂરી આપવા માટે પાકિસ્તાન પર દબાણ બનાવી રહ્યાં છે. ગયા મહિને કરાચી એરપોર્ટ પર એક બોમ્બ બ્લાસ્ટમાં બે ચીની એન્જિનિયરોના મૃત્યુ થયા હતા. બંને એન્જિનિયર થાઈલેન્ડથી રજા ગાળ્યા બાદ કામ પર પરત ફર્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર ચીન હવે પાકિસ્તાનમાં કામ કરી રહેલા એન્જિનિયરોની સુરક્ષા માટે સિક્યોરિટી ફોર્સ તહેનાત કરવાની તૈયારી કરી રહ્યું છે.

પાકિસ્તાનમાં ઘણા પ્રોજેક્ટ્સ પર ચીનના એન્જિનિયર કામ કરી રહ્યાં છે. જેમાં સૌથી મહત્વનો ચીન-પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર (CPEC) છે. સીપીઈસી ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગના ડ્રીમ પ્રોજેક્ટ 'બેલ્ટ એન્ડ રોડ ઈનિશિએટિવ'નો ભાગ છે. આ વર્ષે સીપીઈસી પર કામ કરી રહેલા ઘણા ચીનના એન્જિનિયરો પર હુમલા થયા છે. એક પાકિસ્તાની અધિકારીએ જણાવ્યું કે ચીન પોતાની સિક્યોરિટી ફોર્સને અહીં તહેનાત કરવા ઈચ્છે છે. આ માટે ચીને પાકિસ્તાનને લેખિતમાં પ્રસ્તાવ મોકલ્યો છે. પાકિસ્તાન અત્યાર સુધી આની પર સહમત થયું નથી. પાકિસ્તાનની સુરક્ષા એજન્સીઓ પણ ચીનના આ પ્રસ્તાવ વિરુદ્ધ છે. પાકિસ્તાનમાં લગભગ ૩૦ હજાર ચીની નાગરિક કામ કરે છે. તેમાંથી સૌથી વધુ લોકો ઝૅઈઝ પર કામ કરી રહ્યાં છે. ત્રણ હજાર કિલોમીટર લાંબો આ કોરિડોર ચીનના કાશગરથી શરૂ થાય છે અને પાકિસ્તાનના ગ્વાદર પર ખતમ થાય છે. ગ્વાદર બલૂચિસ્તાનમાં છે. બલૂચોનો આરોપ છે કે ચીન અને પાકિસ્તાન તેમના સંસાધનો પર કબ્જો કરી રહ્યું છે. આ કારણ છે કે બલૂચ લિબરેશન આર્મી (BLA) આ પ્રોજેક્ટ પર કામ કરી રહેલા લોકો અને એન્જિનિયરોને ટાર્ગેટ કરી રહી છે. ચીની વર્કર્સ પર હુમલો કરવાનો BLA નો એક લાંબો ઈતિહાસ રહ્યો છે. ૨૦૧૮માં કરાચીમાં ચીની કોન્સ્યુલેટની બહાર બોમ્બ બ્લાસ્ટ, ૨૦૧૯માં ગ્વાદર પર્લ કોન્ટિનેન્ટલ હોટલ, ૨૦૨૦માં પાકિસ્તાન સ્ટોક એક્સચેન્જ અને ૨૦૨૨માં કરાચી યુનિવર્સિટીમાં હુમલા થઈ ચૂક્યા છે. ઓગસ્ટ ૨૦૨૧માં ગ્વાદરમાં ચીની વર્કર્સના એક કાફલા પર હુમલો થઈ ગયો હતો, જેમાં ઘણા લોકો ઈજાગ્રસ્ત થઈ ગયા હતા. આ પહેલા જુલાઈમાં ખૈબર પખ્તૂનખ્વાહમાં ચીની વર્કર્સને લઈ જઈ રહેલી બસ પર હુમલો થયો હતો, જેમાં ૯ લોકોના મોત થઈ ગયા હતા.

બલૂચોનો આરોપ છે કે સંસાધનોથી સમૃદ્ધ થયા છતાં બલૂચિસ્તાન આર્થિકરીતે પછાત છે અને તે આ માટે માત્ર પાકિસ્તાનની સરકાર જ નહીં, પરંતુ ચીનને પણ જવાબદાર માને છે. મ્ન્છ સિવાય અન્ય બીજા આતંકી સંગઠન પણ ચીનના નાગરિકોને નિશાન બનાવતાં રહે છે. ૨૦૧૭માં ક્વેટામાં એક ચીની કપલનું અપહરણ કરીને હત્યા કરી દેવાઈ હતી. તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (TTP) એ પણ ઘણા ચીની નાગરિકોને નિશાન બનાવ્યા છે. આ હુમલાથી ચીન નારાજ થઈ ગયું છે. તે લાંબા સમયથી પોતાના નાગરિકોની સુરક્ષા માટે પોતાની સિક્યોરિટી ફોર્સને તહેનાત કરવા માટે પાકિસ્તાન પર દબાણ બનાવી રહ્યું છે.તાજેતરમાં જ એક બેઠક થઈ હતી, જેમાં ચીની અધિકારીઓએ એ વાતના પુરાવા રજૂ કર્યા છે કે પાકિસ્તાન ચીની વર્કર્સના સિક્યોરિટી પ્રોટોકોલનું પાલન કરવામાં નિષ્ફળ રહ્યું છે. પાકિસ્તાનમાં કામ કરી રહેલા ચીની વર્કર્સ માટે એક સિક્યોરિટી પ્રોટોકોલ છે, જેની પર બંને દેશની પરવાનગી છે. જ્યારે ચીની વર્કર્સ કામ કરી રહ્યાં હોય છે કે અવર-જવર કરે છે તો તેમને હાઈ લેવલની સિક્યોરિટી આપવામાં આવે છે. બેઠકમાં ચીને મહીનામાં બે વખત સિક્યોરિટી પ્રોટોકોલનું પાલન ન કરવાનો દાવો કર્યો છે.

કરાચી એરપોર્ટ પર બે ચીની એન્જિનિયરોના મોત બાદથી ચીન રોષે ભરાયેલું છે. ચીની અધિકારીઓનો દાવો છે કે એરપોર્ટની બહાર લગભગ ૪૦ મિનિટ સુધી ૧૦૦ કિલો વિસ્ફોટકોથી ભરેલું ટ્રક મંડરાતું રહ્યું. તેની તપાસ કરવામાં આવી નથી અને આખરે તેણે ચીની એન્જિનિયરોને લઈને જઈ રહેલી કારને ટક્કર મારી દીધી. ચીને આને ગંભીર સિક્યોરિટી બ્રીચ માન્યું હતું. ચીની અધિકારીઓનું તો એ પણ માનવું છે કે તે ચીની એન્જિનિયરોના શેડ્યૂલની જાણકારી 'અંદર' થી જ મળી હતી.

ચીન પોતાના વર્કર્સની સુરક્ષા માટે પોતાની સિક્યોરિટી ફોર્સ તહેનાત કરવા ઈચ્છે છે. જોકે, પાકિસ્તાનની સુરક્ષા એજન્સીઓ તેના વિરુદ્ધ છે. પાકિસ્તાની અધિકારીઓનું કહેવું છે કે ચીની દૂતાવાસ અને કોન્સ્યુલેટની આસપાસ જ ચીનની સિક્યોરિટી ફોર્સ તહેનાત થઈ શકે છે.

CPEC માટે ચીને પાકિસ્તાનમાં ૬૨ અબજ ડોલરનું રોકાણ કર્યું છે. આ પ્રોજેક્ટને ૨૦૧૫માં શરૂ કરવામાં આવ્યો હતો. આ કોરિડોરમાં હાઈવે, રેલવે લાઈન, પાઈપલાઈન અને ઓપ્ટિકલ કેબલનું નેટવર્ક તૈયાર કરવામાં આવી રહ્યું છે. ચીન સતત પોતાની સિક્યોરિટી ફોર્સ મોકલવાની મંજૂરી આપવા માટે પાકિસ્તાન પર દબાણ બનાવી રહ્યું છે. અત્યાર સુધી તો પાકિસ્તાને તેની મંજૂરી આપી નથી પરંતુ ચીન તેનો પાક્કો મિત્ર છે અને શક્ય છે કે આજે નહીં તો કાલે, તે તેની મંજૂરી આપી દે.

જો પાકિસ્તાન તેની મંજૂરી આપે છે તો ચીનની સેના ત્યાં તહેનાત થઈ જશે.

આ ભારત માટે ચિંતા વધારનારી વાત હશે. કેમ કે તેનાથી ચીનની સેના PoK માં પણ આવી જશે, કેમ કે અહીં પણ ઘણા પ્રોજેક્ટ્સ પર કામ ચાલી રહ્યું છે. ભારત PoK માં કોઈ પણ વિદેશી સેનાની હાજરી સહન કરશે નહીં. PoK માં ચીની સેનાની હાજરી ભારતની ઉત્તર સરહદની પાસે ચીનની દખલગિરી વધારશે. તેનાથી ભવિષ્યમાં ભારત અને ચીન વચ્ચે ઉત્તર સરહદ પર પણ તણાવ વધવાનું જોખમ હોઈ શકે છે.

જૂનાગઢ મહાનગરપાલિકાના ભ્રષ્ટાચારનો વધુ એક વિસ્ફોટ

# રૂા.સાડા ત્રણ કરોડની ડસ્ટબીનની ખરીદી કરી નગરજનોને વિતરણ કરાયું

## પંખાની ખરીદીથી લઈ ડસ્ટબીનની ખરીદી સુધી એક-એકથી ચળીયાતા આચરવામાં આવેલા ભ્રષ્ટાચારનો પરપોટો ફોડી જાગૃત નાગરિકે લોકોને જાગતા કરવા વિડીયો મુક્યો



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૬

જૂનાગઢ મહાનગર પાલિકામાં આચરવામાં આવતા લાખો-કરોડો રૂપીયાના ભ્રષ્ટાચારની તોપ વારંવાર ફુટે છે અને ભારે ધડાકા થાય છે. આ દરમ્યાન ગઈકાલે એક જાગૃત નાગરિકે ભ્રષ્ટાચારનો વધુ એક વિસ્ફોટ કરતો વિડીયો વાયરલ થતા જૂનાગઢ શહેરમાં ટોક ઓફ ધી ટાઉન બનેલ છે. આ વિડીયો વાયરલમાં એવી ચોંકાવનારી વિગતો જાહેર કરવામાં આવી છે કે લોકો સેમસેમ પોકારી ઉઠયા છે. પંખાની ખરીદીથી લઈ ડસ્ટબીનની ખરીદી સુધીમાં આચરેલા ભ્રષ્ટાચાર અને તેમાં પણ રોશની શાખાના સુપરવાઈઝર હાજા ચુડાસમા અને તેના ભત્રીજાએ આ કૌભાંડ હોવાનો આ ખુલ્લાસો જાગૃતિ નાગરિક લોકેશ પોપટાણીએ કર્યો છે.

ગઈકાલે જે વિડીયો વાયરલ થયો છે તેમાં જૂનાગઢના જાગૃત નાગરિક લોકેશ પોપટાણીએ વિગતો આપતા જણાવેલ છે કે, મહાનગરપાલિકામાં કેટલાક કામો જે હાથ ઉપર લેવાયા છે તે અંગેની આરટીઆઈ કરી અવાર-નવાર ધક્કા ખાઈ જે વિગતો છેલ્લા ત્રણથી ચાર માસમાં મળી છે તે અંગે ખુલ્લાસો કરતો આ વિડીયો છે. તેમણે જણાવેલ છે કે, બજારમાં ઓરીયન્ટ કંપનીનો ૧૨૫૦ રૂપીયાનો જે પંખો મળે છે તે પંખાની મનપાના ચોંપડે ૨૪૬૦ રૂપીયા ખરીદી બતાવે છે. આ અંગે રોશની શાખાના અધિકારી હાજા ચુડાસમાને મળીને રજુઆત કરતા હાજા ચુડાસમાએ જણાવ્યું હતું કે, અમારે સેટિંગ કરવું પડે અને જુદા-જુદા કામોના ભાવ એડઝેસ્ટ કરવા પડે તેવો જવાબ આપ્યો હતો. આ ઉપરાંત અન્ય એક વિગતમાં એટલે કે ટીંબાવાડી ખાતે આવેલા અર્બન હેલ્થ સેન્ટરમાં ગ્રાઉન્ડ ફલોરથી ટેરેસ સુધી એક માળની લીફટ કરવામાં આવી છે આ લીફટ શું કામ કરવામાં આવી તે ખબર નથી પરંતુ ૨૦ પેસેન્જરની આ લીફટ બનાવવાનો ખર્ચ સામાન્ય રીતે રૂા.૫ થી ૬ લાખમાં થતો હોય તેને બદલે રૂા.૧૯ લાખ ચુકવી દેવામાં આવ્યા છે. દોઢ ટન ઈટાચીનું ઈન્વેટર એસી રૂા.૪૦ હજારનું હોય તેના ૬૦ હજારથી વધુ ચુકવાયા છે. આ ઉપરાંત તાજેતરમાં જ જૂનાગઢ મહાનગરપાલિકાના જુદા-જુદા સેન્ટરો ઉપર ડસ્ટબીનનું વિતરણ કરવામાં આવેલ હતું કચરો ભેગા કરવા માટે હાઉસ ટેક્ષ ભરનાર મિલ્કતધારકોને આ ટોપલીનું વિતરણ કરવામાં આવ્યું હતું અને જૂનાગઢના લોકો જાણે મનપાએ દિવાળીની ગીફટ આપી હોય તે રીતે લાઈનમાં ઉભા રહીને આ ડસ્ટબીન મેળવવા માટે પડાપડી કરતા હતા. એક તકે તો ટીંબાવાડીના હેલ્થ સેન્ટરમાં તો બબાલ પણ થઈ હતી તેના અહેવાલ છે. આ દરમ્યાન આ ડસ્ટબીનની ટોપલીઓની ભારે કિંમત ચુકવવી પડી છે. આ વિડીયો વાયરલમાં જાગૃત નાગરિકે એવો આક્ષેપ કરેલ છે કે, જૂનાગઢમાં જે ડસ્ટબીનનું વિતરણ કર્યું છે તેવી આ ટોપલીઓ કેટલામાં ખરીદી ખબર છે ? રૂા.સાડા ત્રણ કરોડના ખર્ચે આ ટોપલીઓ ખરીદવામાં આવી છે અને તેનું કામ પણ હાજા ચુડાસમા પાસે ગયું છે. વિશેષમાં બહાઉદ્દીન કોલેજ ખાતે તહેવારોની ઉજવણી દરમ્યાન જે એલઈડી સ્ક્રિન ઉપર ભગવાનના ઉત્સવને મનાવવા માટે જે દર્શાવવામાં આવેલ હતું તે સ્ક્રિન ૯૦૪ સ્કેવર ફુટ હતી અને ૯૦ રૂપીયા તેનો ભાવ બોલાય છે અને ૮૧ હજાર રૂપીયા ચુકવવા જોઈએ તેને બદલે ૪,૨૧,૩૯૫ ભાવ ચુકવાયો હતો. આવા તો એક પછી એક અનેક ગતકડા અને કૌભાંડ મહાનગરપાલિકામાં આચારવામાં આવતા હોવાની સનસનીખેજ વિગતો ચર્ચાઈ રહી છે. જાગૃત નાગરિક લોકેશ પોપટાણીએ એવો આક્ષેપ કર્યો હતો કે પ્રજાના પૈસાનો બેફામ રીતે વેડફાટ અને ભ્રષ્ટાચાર આચરવામાં આવે છે. સરકારી કામો આપવાના હોય ત્યારે ટેન્ડર આપવું પડતું હોય છે પરંતુ હાજા ચુડાસમા અને તેના પરિવાર માટે કોઈ બંધન નથી અને આ બધા જ કામો હાજા ચુડાસમાના અન્ડરમાં થયેલા છે અને તેના નજીકના સગા ભત્રીજાને કોન્ટ્રાક્ટ આપી અને ઝડપી રીતે પૈસાની ચુકવણી પણ કરી દેવામાં આવી છે ત્યારે જૂનાગઢ મહાનગરપાલિકા એટલે ભ્રષ્ટાચારનો ઉકળતો ચરૂ છે. નગરજનો બસ બહુ થયું હવે તો જાગો.

**મનપાએ વિવિધ સેન્ટર ઉપરથી ડસ્ટબીન (ટોપલી) નું વિતરણ કર્યું ત્યારે જૂનાગઢ વાસીઓ જાણે મનપાએ ગીફ્ટ આપી હોય તે રીતે લાઈનમાં ઉભા રહીને ટોપલીઓ લેવા પડાપડી કરી હતી !! જૂનાગઢ વાસીઓ આ કોઈ મનપાએ ઉપકાર નથી કર્યો પરંતુ આપણા જ પૈસાની(હાઉસટેક્સ) વસ્તુ અને આપણે જ લાઈનમાં ઉભું રહેવું પડે તેનાથી મોટી કમનસીબી કઈ ???**

અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલનો વિવાદનો ચરૂ ઉકળી રહ્યો છે ત્યાં જ

# જૂનાગઢની આયુષ હોસ્પિટલમાં વેરાવળની વૃધ્ધાને હૃદયની સારવારને બદલે મગજનું ઓપરેશન કરી નાખ્યું : વ્યાપક કૌભાંડની આશંકા

## આયુષ હોસ્પિટલે મહિલા દર્દીનું આયુષ્ય ઓછું કરી નાખ્યું : વેરાવળથી સારવાર માટે આવેલા વૃધ્ધા સ્વસ્થ અને તંદુરસ્ત હતા : આયુષ હોસ્પિટલના ડોકટરની બેદરકારીના કારણે કોમામાં સરી પડયાનો સ્વજનોનો આક્ષેપ



AAYUSH HOSPITALS

**'મેડીકલનો ખર્ચ હવે બોજ નથી'**
**આયુષ હોસ્પિટલનું સુત્ર ઘણો "સંકેત"આપે છે...**

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૬

ખ્યાતિ હોસ્પિટલનો વિવાદ સમગ્ર ગુજરાતમાં ભારે ચકચારી બનેલ છે. આ વિવાદમાં એક પછી એક કૌભાંડો બહાર આવી રહ્યા છે ત્યાં જ જૂનાગઢની નામાંકિત આયુષ હોસ્પિટલ સામે પણ ભારે વિવાદ ઉભો થયો છે. આ હોસ્પિટલના એક જવાબદાર તબીબે વેરાવળની એક વૃધ્ધાની હૃદયની સારવાર કરવાને બદલે તેના મગજની સારવાર કરી નાખતા ભારે હોબાળો મચ્યો છે. હાલ આ વૃધ્ધા આઈસીયુમાં હોવાનું તેના સ્વજનો જણાવી રહ્યા છે અને તેની હાલત ગંભીર છે.

આ બનાવ અંગે મળતી વિગત અનુસાર વેરાવળ નગરપાલિકાના વોર્ડ નં.૧૧ના ભાજપના નગરસેવક જીતેન્દ્રભાઈ શાંતિલાલ સોલંકીના માતા ધનીબેન શાંતિલાલ સોલંકી(ઉ.વ.૭૨)ને તા.૧૨ નવેમ્બરના રોજ સાંજે છાતીમાં દુઃખાવો થતો હોવાની ફરિયાદ કરતા તેમને વેરાવળની ખાનગી હોસ્પિટલમાં લાવવામાં આવેલ ત્યાં ડો. ચિરાગ સોંદરવાએ ઈકો અને કાર્ડીયાક રિપોર્ટ કરતા ધાનીબેનને સાઈલન્ટ એટેક હોવાની ડોકટરે વાત કરી હતી અને તેને અન્ય હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા. પરંતુ ત્યાં કાર્ડીયાક તબીબ હાજર ન હોવાથી તેમને જૂનાગઢની આયુષ હોસ્પિટલનું એડ્રેસ આપતા ધાનીબેનને વેરાવળથી જૂનાગઢ લાવ્યા હતા. આયુષ હોસ્પિટલમાં સંપૂર્ણ સ્વસ્થ અને હસતાબોલતા ધાનીબેનને સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા ત્યારે ઈમરજન્સીમાં ડો. ઓમ માથુરે રિપોર્ટ જોઈને સારવાર શરૂ કરી હતી. દર્દીને લોહી પાતળુ કરવા માટે હૃદયની સારવાર માટે એક ઈન્જેકશન આપ્યું પછી બીજા દિવસે સવારે તેમની હાલત લથડી હતી અને લોહીની ઉલ્ટી શરૂ થઈ હતી. આ તકે જવાબદાર તબીબોએ ધાનીબેનને મગજમાં તકલીફ હોવાનું કહીને સીટી સ્કેન કરાવ્યું હતું અને જેના રિપોર્ટ મુજબ મગજનું માઈનોર ઓપરેશન કરવું પડશે અને તેનો ખર્ચ દોઢક લાખ થશે તેવું કહ્યું હતું અને ઓપરેશન કરવામાં આવ્યું હતું પરંતુ તેના પછી પણ ધાનીબેનની તબીયત સારી ન થતા તેઓ બોલતાચાલતા ન હતા જેથી ડોકટરોને મળીને પુછતા જણાવ્યું હતું કે ધાનીબેનની સ્થિતિ ક્રિટીકલ છે અને તેઓ બ્રેઈડ ડેડ જેવી હાલતમાં છે અને બચવાની શક્યતા ઓછી છે. આવું જણાવતા ધાનીબેનના પરિવારજનોમાં તબીબોની બેદરકારી સામે ભારે રોષ ઉઠવા પામ્યો હતો અને એક તકે તો આયુષ હોસ્પિટલમાં ભારે હોબાળો મચી જવા પામ્યો હતો. આયુષ હોસ્પિટલના જવાબદારો સામે ધાનીબેનના પરિવારો દ્વારા ગંભીર આક્ષેપો કરવામાં આવી રહ્યા છે અને જેને લઈને ભારે ચકચાર જાગી ઉઠી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, જૂનાગઢ શહેરમાં ઝાંઝરડા રોડ ઉપર સંખ્યાબંધ હોસ્પિટલો ધમધમી રહી છે. કાયમને માટે આવી હોસ્પિટલમાં દર્દીઓની ભારે કતારો જોવા મળી રહી છે. એવું પણ ચર્ચાઈ છે કે, કેટલીક હોસ્પિટલોમાં સારવાર માટે આવેલા દર્દીઓને સાવ સામાન્ય બિમારી એટલે કે શરદી, ઉધરસ, તાવ, ચક્કર આવવા કે અન્ય સામાન્ય તકલીફ હોય તેમ છતાં મસમોટા જુદા-જુદા રિપોર્ટ કઢાવવામાં આવે છે અને આ રિપોર્ટમાં જે તે દર્દી ખર્ચના ખાડામાં ઉતરી જાય છે. ક્યારેક તો આયુષ્યમાન કાર્ડ દર્દી પાસે હોવાની ખબર પડે એટલે જે તે દર્દીનું ફલાણું ઓપરેશન કરવું પડશે તેવું જણાવી અને દર્દીઓ ઉપર શસ્ત્રક્રિયા પણ કરી નાખવામાં આવતી હોવાની ચોંકાવનારી વિગતો ચર્ચાઈ છે.

**ઝાંઝરડા રોડ ઉપર આવેલી કેટલીક ચોક્કસ હોસ્પિટલમાં આવતા દર્દીઓને વિના કારણે જુદા-જુદા રિપોર્ટ કઢાવી ખર્ચાના ખાડામાં ઉતારી દેવામાં આવે છે : કેટલીક નામાંકિત હોસ્પિટલમાં દર્દી પાસે આયુષ્યમાન કાર્ડ છે તેવી ખબર પડતા જ આ દર્દીને સર્જરીની જરૂર ન હોય તો પણ તેવા દર્દીનું ઓપરેશન કરી નાખવામાં આવતી હોવાની વ્યાપક ફરિયાદો**

### દર્દીના રીલેટીવને સમજાવીને જીવ બચાવવા માટે લોહી પાતળુ કરવાનું દર્દીને ઈન્જેકશન અપાયું હતું : ડો.મિલન મકવાણા

જૂનાગઢની આયુષ હોસ્પિટલમાં વેરાવળથી આવેલા એક વૃધ્ધ મહિલા દર્દીની હૃદયની સારવારને બદલે મગજનું ઓપરેશન કરી નાખ્યું હોવાના આક્ષેપ સાથે ભારે હોબાળો મચ્યો છે તો બીજી તરફ જૂનાગઢ આયુષ હોસ્પિટલના ડો.મિલન મકવાણાએ જણાવ્યું હતું કે, રાત્રે ૧૨ વાગ્યે હાર્ટએટેક સાથે આ દર્દી આવ્યા હતા જેના રિલેટીવને સમજાવીને જીવ બચાવવા માટે લોહી પાતળું કરવાનું દર્દીને ઈન્જેકશન અપાયું હતું. આ ઈન્જેકશનને કારણે ૨ ટકા દર્દીઓમાં મગજમાં લોહીસ્ત્રાવ થઈ શકે છે જે સમજાવવામાં આવ્યું હતું. આ દર્દીને બીજા દિવસે (૧૨ કલાક પછી) મગજમાં લોહીનો સ્ત્રાવ થતાં દર્દીની સ્થિતિ ગંભીર બની હતી. જે માટે ન્યુરોસર્જન દ્વારા રિલેટીવને સમજાવીને ઓપરેશન કરવામાં આવ્યું હતું પરંતુ દર્દીને મગજમાં લોહીનો સ્ત્રાવ બંધ થયો ન હતો અને દર્દીની સ્થિતિ ગંભીર થઈ હતી. દર્દીના સગાને માનવતાના ધોરણે બીલમાં ડિસ્કાઉન્ટની વાત કરી હતી જેને ખોટી રીતે રજુ કરે છે. દર્દીના સગા બીજા દર્દીને અને તેમના સગાને પણ ઉશ્કેરે છે અને સારવારમાં અડચણરૂપ બને છે. તપાસ વિના કે પૂરતા જ્ઞાન વિના અધૂરી રજુઆત સાંભળીને નિર્ણય ન લેવો.

### બ્લીડીંગ અટકાવવા દર્દીનો મગજનો ઓપરેશન કરવું જરૂરી હતું : ડો.ચિરાગ માકડીયા

આયુષ હોસ્પિટલના મેડીકલ ડાયરેકટર ડો.ચિરાગ માકડિયાએ સૌ-પ્રથમ હાર્ટની સારવાર માટે દર્દીને સ્પેટોકાઈનેશ ઈન્જેકશન અપાયુ હતું. પરંતુ અમુક કિસ્સાઓમાં દર્દીની મેડીકલ સ્થિતિ અને ઉમરના લીધે ઈન્જેકશનની આડ અસર થતી હોય છે, તેવું આ કિસ્સામાં પણ થયું અને દર્દીને મગજ ઉપર અસર થયેલ અને હેમરેજ થતાં બ્લીડીંગ થવા લાગ્યું હતું. જેથી બ્લીડીંગ અટકાવવા મગજનું ઓપરેશન કરવું જરૂરી હતું, તેમજ આયુષ્માન કાર્ડ કાર્યરત ન થયું હોય, જેને લઈને ખર્ચ દોઢેક લાખ થશે તે બાબતની પરિવારને જાણ કરીને ઓપરેશન કર્યું અને દર્દી હાલ બ્રેઈન ડેડ સ્થિતિમાં છે. હાલ તેમની ન્યુરો સર્જન અને કાર્ડિયાક સર્જન દ્વારા સારવાર ચાલી રહી છે.

# જૂનાગઢના જીઆઈડીસી-૨માં આવેલા કારખાનામાં આગ લાગી : દોડધામ





જૂનાગઢ તા.૧૬

જૂનાગઢના જીઆઈડીસી-૨ માં આવેલા એક કારખાનામાં આગ લાગતાં દોડધામ મચી જવા પામી હતી અને ફાયર વિભાગને જાણ કરવામાં આવતા આખરે ફાયર વિભાગનો સ્ટાફના બનાવના સ્થળે પહોંચી અને આગ બુજાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ અંગે પ્રાપ્ત વિગત અનુસાર જીઆઈડીસી-૨ વિસ્તારમાં આવેલા હસમુખભાઈ બ્રશવાળાના કારખાનામાં અચાનક આગ લાગી હતી. કારખાના માલિક આજે હાજર ન હોય તેથી તેની બાજુમાં જ આવેલા કારખાનાના માલિકે ફાયર વિભાગને ૯.૧૬ કલાકે ફોન કર્યો હતો પરંતુ કોઈ ઉપાડતું ન હતું, ત્યારબાદ ૯.૩૬ એ ફોન આવ્યો હતો અને જેથી તેમને અહીં આગ લાગી છે તેમ જણાવતાં ફાયર વિભાગનો સ્ટાફ ઘટનાસ્થળે પહોંચી આગ બુજાવવાની કામગીરી હાથ ધરી હતી. દરમ્યાન જીઆઈડીસી વિસ્તારમાં અવાર-નવાર આગ લાગવાના બનાવો બને છે પરંતુ આગના બનાવ વખતે ફાયર વિભાગને જાણ થાય છે અને ત્યાંથી અહીં આવતા સમય જતો હોય જેથી આ વિસ્તારના વેપારીઓનું એવું કહેવું છે કે, જીઆઈડીસી-૨ વિસ્તારમાં અનેક કારખાનાઓ આવેલા છે ત્યારે આ વિસ્તારમાં કોઈ અકસ્માતના કે આગની દુર્ઘટનાના બનાવ બને તે વખતે ઝડપી રીતે ફાયરની સેવા મળી રહે તે હેતુથી અહીં એક ફાયર સ્ટેશન ફાળવવા તેમજ સ્ટેન્ડ ટુ રાખવા લાગણી પ્રવર્તી રહી છે.

# વીડિયો વાયરલ કરવાની મનોવૃતિ રાખનાર વિસાવદર તાલુકાના જાંબુડા ગામના યુવકની ધરપકડ



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૧૬

ફોટો, વીડિયો વાયરલ કરવાની મનોવૃત્તિ ધરાવતો જાંબુડાનાં યુવકની પોલીસે અટક કરી વધુ તપાસ હાથ ધરી હતી. એક સગીરા સાથે સંબંધ રાખવા દબાણ કરી તેની જાણ બહાર વીડિયો કોલથી સ્ક્રીન રેકોર્ડિંગ કરી વીડિયો વાયરલ કર્યાની વિસાવદર તાલુકાના જાંબુડા ગામના કુલદીપ બહાદુર જેબલિયા સામે તા.૯ નવેમ્બરના રોજ ફરિયાદ થતાં વિસાવદર પોલીસે પોકસો એક્ટ વગેરે મુજબ ગુનો નોંધીને કાર્યવાહી કરી હતી. પીઆઈ આર.એસ. પટેલે કુલદીપ બહાદુરને ગણતરીનાં દિવસોમાં ઝડપી લઈ પૂછપરછમાં ગુનાની કબુલાત કરી હતી. આરોપી પાસેથી રૂપિયા ૫,૦૦૦નો મોબાઈલ ફોન કબજે લીધો હતો. મોબાઈલ ફોનમાં અલગ અલગ છોકરીઓ સાથે સારી સારી વાતો કરી તેના ફોટા તેમજ સ્ક્રીન રેકોર્ડિંગ વીડિયો બનાવી મોબાઈલમાં સંગ્રહ કર્યો હોવાનું અને ખબર ન રાખે તો ફોટા, વીડિયો વાયરલ કરવાની મનોવૃત્તિ ધરાવતો હોવાનું જણાયું હતું. શખ્સે ફોટો, વીડિયો ઉતારી વાયરલ કરવાની ધમકી આપેલ હોય અથવા વાયરલ કરેલ હોય તો વિસાવદર પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા પોલીસે અપીલ કરી હતી.


# કિશોર એકેડેમી સ્કૂલ

કિશોર એકેડેમી કેમ્પસ, સરકારી પ્રાથમિક શાળા પાસે, ટીંબાવાડી,

**શૈક્ષણિક સંસ્થા માટે જોઈએ છે**

**અનુભવી શિક્ષકોને પ્રાથમિકતા આપવામાં આવશે**

(૧) અંગ્રેજી : B.A./B.Ed/M.A.
(૨) વિજ્ઞાન : B.Sc./B.Ed./M.Sc.
(૩) ગણિત : B.Sc./B.Ed./M.Sc.
(૪) સંસ્કૃત : B.A./B.Ed/M.A.
(૫) સામાજીક વિજ્ઞાન : B.A./B.Ed/M.A.
(૬) કોમ્પ્યુટર ટીચર : B.C.A./M.C.A.
(૭) ગુજરાતી : B.A./B.Ed/M.A.
(૮) હિન્દી : B.A./B.Ed/M.A.
(૭) શિક્ષક/કોચ : સ્પોર્ટસ એકટીવીટીનું સંચાલન કરી શકે તેવા
(૧૦) કોમ્પ્યુટર ઓપરેટર-કમ-કલાર્ક : સ્કૂલ પ્રોગ્રામીંગની જાણકારી જરૂરી

દિવસ-૮માં રીઝયુમ, ડોકયુમેન્ટ, પાસપોર્ટ સાઈઝનાં ફોટા સાથે રૂબરૂ સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ દરમ્યાન સંપર્ક કરવો.

મો. ૭૯૯૦૦ ૯૯૪૪૬

સંચાલક : કિશોર એકેડેમી - જૂનાગઢ